RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 236* Date: 24.06.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મૃત્યુઆંક ૧૩,૯૦૦ને પાર, કુલ ૪.૨૫ લાખ કેસ, ૨.૩૭ લાખ સાજા થયા

# કોરોના સંકટ: ૨૪ કલાકમાં ૧૫,૧૫૮ કેસ, ૪૨૬ લોકોના મોત

## હવે દરરોજ ૨ લાખની આસપાસ ટેસ્ટ થાય છે, દેશમાં અત્યાર સુધી ૬૮ લાખ ટેસ્ટ કરાયા

*ન્યુ દિલ્હી,તા.૨૨*

અનલોક-૧માં કોરોના વાઈરસના કેસો દિલ્હીની જેમ દેશમાં પણ સતત વધી રહ્યાં છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ, આજે સોમવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન સમગ્ર દેશમાં વિવિધ રાજ્યોમાં કુલ ૧૫,૧૫૮ કેસ નોંધાયા હતા. આ જ સમયગાળામાં વધુ ૪૨૬ લોકોના મોત થતાં મૃત્યુઆંક પણ વધીને ૧૩ હજારને પાર થયો છે. અત્યાર સુધી કોરોના વાયરસના ૪,૨૫,૨૮૨ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૧,૭૪,૩૮૭ દર્દીઓ સારવાર હેઠળ છે અને ૨,૩૭,૧૯૬ લોકો સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં અત્યાર સુધી કોરોનાથી ૧૩,૬૯૯ લોકોના મોત થઈ ગયા છે. કેસો વધવા અંગે એવું કારણ આપવામાં આવી રહ્યું છે કે કોરોના ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવતાં વધુ કેસો બહાર આવી રહ્યાં છે.

દરમ્યાનમાં દિલ્હીમાં કોરોનાના દર્દીઓને ઓક્સિમીટર અપાશે જેથી હોમ આઈસોલેટ દર્દી જાતે જ ઓક્સિજન લેવલ પોતના ઘરે જ ચેક કરી શકશે, એવી જાહેરાત સીએમ અરવિંદ કેજરીવાલે કરી હતી.

સમગ્ર દેશમાં જ્યાં સૌથી વધુ કેસો છે તે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કુલ ૧,૩૨,૦૭૫ કેસ નોંધાયા છે જેમાંથી ૬૦,૧૬૧ એક્ટિવ કેસ છે અને ૬૫,૭૪૪ લોકો સાજા થઈ ગયા છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાને કારણે ૬,૧૭૦ લોકોના મોત થયા છે.

દિલ્હીમાં કોરોનાના કુલ ૫૯,૭૪૬ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૨૪,૫૫૮ એક્ટિવ કેસ છે અને ૩૩,૦૧૩ લોકો સાજા થઈ ગયા છે. દિલ્હીમાં ૨,૧૭૫ લોકોએ કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. તમિલનાડુમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૫૯,૩૭૭ પર પહોંચી ગઈ છે.



જ્યારે એક અન્ય અહેવાલ પ્રમાણે,. સૌથી વધારે ૩૮૭૦ કેસ મહારાષ્ટ્રમાં અને ત્યારપછી ૩૦૦૦ કેસ દિલ્હીમાં આવ્યા હતા. છેલ્લા ૧૩ દિવસોમાં દેશમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા સંક્રમિત દર્દીઓ કરતા વધી રહી છે. હવે ૧ લાખ ૭૫ હજાર ૯૦૪ દર્દીઓની સારવાર ચાલી રહી છે, જ્યારે ૨ લાખ ૩૭ હજાર ૨૫૨ સાજા થઈ ચુક્યા છે. કુલ ૧૩ હજાર ૭૦૩ દર્દીઓના મોત થયા છે.

સૂત્રોએ કહ્યું કે, કોરોના સંક્રમિતોની સંખ્યામાં ઝડપથી થઈ રહેલા વધારાનું એક કારણ ગત દિવસોથી વધારવામાં આવેલું ટેસ્ટીંગ છે. ૧૬ જૂન સુધી દેશમાં દોઢ લાખ ટેસ્ટ થયા હતા. હવે તેની સંખ્યા ૨ લાખની આસપાસ છે. રવિવારે ૧ લાખ ૯૦ હજાર ૭૩૦ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

પાંચ મુખ્ય રાજ્યોમાં કોરોનાના કેસો જોઈએ તો ઉત્તરપ્રદેશમાં રવિવારે બાગપતમાં ૧૧, હરદોઈ અને મુરાદાબાદમાં ૮-૮, મુઝફ્ફરનગરમાં ૨, ફર્રુખાબાદમાં ૭, એટામાં ડોક્ટર સહિત ૯ લોકોમાં કોરોનાની પુષ્ટી થઈ છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૭ હજાર ૨૦૦ પહોંચી ગઈ છે.

બિહારના ૧૬ જિલ્લામાં રવિવારે ૨૧ મહિલાઓ સહિત ૯૯ પોઝિટિવ મળ્યા હતા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૭૬૦૨ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે, દરભંગા જિલ્લામાં કોરોનાના સૌથી વધારે ૩૨ કેસ આવ્યા હતા. ત્યારબાદ સમસ્તીપુરમાં ૧૮, બાંકા અને ભાગલપુરમાં ૯-૯, પટના અને રોહતાસમાં ૫-૫, સીવાનમાં ૦૪, કિશનગંજ અને નવાદામાં ૩-૩, ભોજપુર, મધેપુરા, મુંગેર, અને પશ્ચિમ ચંપારણમાં ૨-૨, જહાનાબાદ, નાલંદા અને વૈશાલીમાં ૧-૧ સંક્રમિત મળી આવ્યા હતા.

મધ્યપ્રદેશમાં ઉજ્જૈનમાં રવિવારે ૩ કેસ સામે આવ્યા પછી અહીંયા કોરોના પોઝિટિવ સંખ્યા વધીને ૮૨૬ થઈ ગઈ છે, જ્યારે બે દર્દીઓના મોત થયા છે. આ સાથે જ ઈન્દોર જિલ્લામાં ૪૧ સંક્રમિત વધી ગયા છે. અહીંયા અત્યાર સુધી ૪૩૨૯ કેસ સામે આવી ચુક્યા છે. જેમાંથી ૩૧૮૫ દર્દી સાજા થયા છે.

મહારાષ્ટ્રમાં ગઈકાલે રવિવારે ૩૮૭૦ સંક્રમિત મળ્યા હતા. જે એક દિવસમાં કોરોનાના નવા કેસનો બીજો સૌથી મોટો આંકડો છે. શનિવારે અહીંયા સૌથી વધારે ૩૮૭૪ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. પૂણેમાં પણ ૨૪ કલાકમાં ૮૨૩ કેસ સામે આવ્યા હતા. જે અહીંયા એક દિવસમાં સંક્રમિતોની સૌથી વધુ સંખ્યા છે.

જ્યારે, રાજસ્થાનમાં આરોગ્ય વિભાગના જણાવ્યાં પ્રમાણે, રવિવારે રાજ્યમાં ૧૫૪ કેસ આવ્યા હતા. જેમાંથી સૌથી વધારે ૫૯ દર્દી ધૌલપુરમાં મળ્યા હતા. આ ઉપરાંત જયપુરમાં ૩૧, ઝૂંઝૂનૂમાં ૨૨, અલવરમાં ૧૨, સીકરમાં ૯, ડૂંગરપુરમાં ૦૫, રાજસમંદમાં ૦૩, ઝાલાવાડ, નાગૌર અને ઉદેયપુરમાં ૨-૨. ચુરુમાં એક કેસ સામે આવ્યો હતો. એક કેસ અન્ય રાજ્યમાંથી છે.

### ઈતિહાસમાં પ્રથમ વખત ભગવાન નગરચર્યાએ નહિ નીકળે

# આજે ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા: સાદગીપૂર્ણ યોજાશે

**અમદાવાદ,તા.૨૨**

આજે ભગવાન જગન્નાથની ૧૪૩મી રથયાત્રા એકદમ સાદગીપૂર્ણ યોજાશે. વિશ્વ ભરમાં ચાલી રહેલી કોરોના મહામારીના પગલે ઈતિહાસમાં પ્રથમ વખત એવું બનશે કે ભગવાન જગન્નાથ નગરચર્યાએ નહિ નીકળે. ત્યારે ભક્તોએ ટીવી સમક્ષ બેસીને જ ભગવાનની રથયાત્રા નિહાળવી પડશે. દરવર્ષ ની જેમ આ વર્ષે પણ મુખ્યમંત્રી રૂપાણી પહિંદ વિધિ કરીને ભગવાનના રથની સોનાની સાવરણીથી સેવા સફાઈમાં સહભાગી થશે. આ ઉપરાંત દેશનાં ગૃહમંત્રી અમિત શાહ દર વર્ષની જેમ જ આ વર્ષે પણ પરિવાર સાથે મંગળા આરતીમાં ભાગ લેશે.

છેલ્લા ૧૪૨ વર્ષથી ગમે તેવી વિપત્તી છતા પણ રથયાત્રાનું આયોજન થયુ છે. ત્યારે આ વખતે કોર્ટનાં આદેશ બાદ શું કરવું તેવી સ્થિતી પેદા થઈ હતી. જેના પગલે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપરાંત અમદાવાદના મેયર ઉપરાંત ઉચ્ચે અધિકારીઓએ મંદિર ટ્રસ્ટ સાથે વિચાર વિમર્શ કરીને પરંપરા પણ ન તુટે અને જે રિવાજ છે તે પણ જળવાઈ રહે તે પ્રકારનો વચગાળાનો રસ્તો કાઢ્યો હતો. રથયાત્રાની મંદિર ખાતે થતી તમામ વિધિ યથાવત્ત રીતે જ થશે પરંતુ રથયાત્રામાં મંદિરની આસપાસ રથને પ્રદક્ષિણા કરાવી દેવાશે. મંદિર સંકુલની બહાર રથ કાઢવામાં નહી આવે. ઉપરાંત આ તમામ વિધિમાં કોઈ પણ ભક્તોને પ્રવેશ આપવામાં નહી આવે.

માત્ર આમંત્રીત મહેમાનો અને મીડિયાને પ્રવેશ અપાશે. તેમાં પણ સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તેનો ખાસ ખ્યાલ રાખવામાં આવશે. રથયાત્રામાં ભક્તોને રથ અને પ્રભુને દર્શન કરવા દેવામાં આવશે કે નહી તે મુદ્દે અવઢવ જોવા મળી હતી. મહંત દિલિપદાસજી દ્વારા જણાવાયું કે, રથ બહાર જ મુકવામાં આવશે અને ભગવાનનાં દર્શન કરી શકે અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તે તકેદારી રાખીને ભક્તોને દર્શન કરવા દેવામાં આવશે. જો કે બીજી તરફ અધિકારીઓ દ્વારા આવી કોઈ વાત નહી થઈ હોવાનું જણાવી રહ્યા છે. જેના કારણે ભક્તોને દર્શન કરવા દેવામાં આવશે કે નહી તે મુદ્દે હાલ ગુંચવાડો ઉભો થયો છે. રથયાત્રા દ્વારા નાથ નગરચર્યાએ નિકળે છે, આ વર્ષોજુની પરંપરા છે માટે તેને સાચવવી પણ તેટલી જ જરૂરી છે. જેના કારણે હાલ મંદિર ટ્રસ્ટ દ્વારા અને સરકાર તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા વચગાળાનો રસ્તો કાઢવામાં આવ્યો છે. જે અનુસાર મંદિરમાંથી પરંપરા અનુસાર જ પહિંદ વિધિ કરીને ભગવાનને રથમાં બિરાજમાન કરાવવામાં આવશે. મંદિરની ફરતે પ્રદક્ષીણા કરાવીને રાત્રી રોકાણ હંમેશાની પરંપરા અનુસાર બહાર જ કરાવવામાં આવશે. બીજા દિવસે રથમાંથી ભગાવનને મંદિરમાં પ્રવેશ કરાવાશે. આ પ્રકારે પરંપરા પણ જળવાશે અને કોર્ટનાં આદેશની પણ અવગણના નહી થાય.

આખું મંદિર પરિસર તેમજ આસપાસનો વિસ્તાર પોલિસ છાવણીમાં ફેરવાયો છે. સેક્ટર ૧ DCP અમિત વર્મા પણ જગન્નાથ મંદિર પહોંચ્યા અને તમામ સુરક્ષા બંદોબસ્તનું નિરિક્ષણ કર્યું હતું. ત્યારે મંદિર તરફ આવતા તમામ માર્ગ કોર્ડન કરી દેવામાં આવ્યા છે. મંદિરની આસપાસની તમામ દુકાનો બંધ કરાવવામાં આવી છે. મંદિરના દ્વારા ફી એકવાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી પ્રતિવર્ષની રથયાત્રાની પરંપરા મુજબ આવતીકાલે અષાઢી બીજે આ રથયાત્રાના અવસરે સવારે ૭ કલાકે જગન્નાથ મંદિરે પહોચશે અને પહિંદ વિધિ કરીને ભગવાનના રથની સોનાની સાવરણીથી સેવા સફાઈમાં સહભાગી થશે. આ ઉપરાંત દેશનાં ગૃહમંત્રી અમિત શાહ દર વર્ષની જેમ જ આ વર્ષે પણ પરિવાર સાથે મંગળા આરતીમાં ભાગ લેશે. પ્રવર્તમાન સંજોગોમાં રથયાત્રા અંગેના આયોજનની વિગતો આપી હતી.

અમદાવાદમાં રથયાત્રા પહેલા કોમી એકતાના દર્શન થયા. શહેરના મુસ્લિમ બિરાદરોએ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીને ચાંદીનો રથ અર્પણ કર્યો. દર વર્ષે મુસ્લિમ બિરાદરો દ્વારા મંદિરના મહંતને ચાંદીનો રથ અર્પણ કરવામાં આવે છે. ત્યારે આ વખતે જગતના નાથ નગરચર્યાએ નથી નિકળવાના પરંતુ મંદિરના પરિસરમાં રથને ફેરવી રથયાત્રાના ઉત્સવની ઉજવણી કરવામાં આવશે.

### લોકોની ભીડ ભેગી ન કરવા સુપ્રિમનો નિર્દેશે

# પુરી રથયાત્રાને સુપ્રિમની શરતી મંજૂરી

*ન્યુ દિલ્હી,તા.૨૨*

જગન્નાથ પુરીમાં ૨૩ જૂને રથયાત્રા નીકળશે .સુપ્રીમ કોર્ટે કહ્યું કે, માત્ર પુરીમાં જ યાત્રાની મંજૂરી હશે, ઓરિસ્સામાં ક્યાંય બીજે યાત્રા નહીં નીકળી શકે. કેન્દ્ર સરકારે અરજી કરીને કહ્યું હતું કે, શ્રદ્ધાળુઓને સામેલ કર્યા વગર જ યાત્રા કરી શકાય છે. વધુમાં કોર્ટે કહ્યું કે, મંદિર કમિટિ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કો-ઓર્ડિનેશનમાં યાત્રા કાઢવામાં આવશે, પરંતુ લોકોના સ્વાસ્થ્ય સાથે સમજૂતી ન થવી જોઈએ. સાથે જ કહ્યું કે, પુરી સિવાય ઓરિસ્સામાં બીજે ક્યાંય રથયાત્રા કાઢવામાં નહી આવે.સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, રથયાત્રા કરોડો લોકોની આસ્થાનો મામલો છે. ભગવાન જગન્નાથ આવતીકાલે બહાર નહીં આવી શક્યા તો પછી ૧૨ વર્ષ સુધી નહીં નીકળી શકે, કારણ કે રથયાત્રાની આ જ પરંપરા છે.

સોલિસિટર જનરલે કહ્યું કે, એક દિવસનું કર્ફ્યૂ લગાવીને યાત્રા કાઢી શકાય છે. ઓરિસ્સા સરકારે પણ તેનું સમર્થન કર્યું છે કે ઘણી શરતો સાથે રથયાત્રાનું આયોજન થઈ શકે છે.ભગવાન જગન્નાથજીની રથયાત્રા પર રોક મુદ્દે અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી આજે સુપ્રીમ કોર્ટમાં હાથ ધરાયેલ. નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં ૪ અરજી દાખલ કરવામાં આવી છે જેમાં એક અરજી મુસ્લિમ યુવકે પણ કરી હતી. આપને જણાવી દઈએ કે, આ રથયાત્રા ૨૩ જૂન મંગળવારે યોજાવાની છે.

નોંધનીય છે કે, કોરોના સંકટને કારણે ૧૮ જૂને, ઓડિશાના પુરીમાં જગન્નાથ યાત્રા યોજવા અને સંબંધિત પ્રવૃત્તિઓ પર રોક લગાવવામાં આવી હતી. આ યાત્રા ૨૩ જૂનના રોજ યોજાવાની હતી જેમાં ૧૦ લાખથી વધુ લોકોના એકઠા થવાની ધારણા હતી. આ પ્રોગ્રામ લગભગ ૧૦ દિવસ ચાલે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આદેશ લોકોના સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૬૩

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૭૮૮૦

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૬૦

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૯૯૧૭

### પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંગના રાજકિય પ્રહારો

# ભ્રામક પ્રચાર મજબૂત નેતૃત્વનો વિકલ્પ ન બની શકે: મનમોહનસિંહ

*ન્યુ દિલ્હી,તા.૨૨*

ભારત-ચીન વચ્ચેના લોહિયાળ ઘર્ષણમાં શહિદ થયેલા દેશના ૨૦ સૈનિકોના મામલે મોદી સરકાર પર છેલ્લાં ૫ દિવસથી સતત પ્રહાર કરનાર કોંગ્રેસના રાહુલ ગાંધી, સોનિયા ગાંધી બાદ હવે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંગ પણ મોદી સરકારને ઘેરવા મેદાનમાં ઉતર્યા છે. ૨૦૦૪થી ૨૦૧૪ સુધી સતત ૧૦ વર્ષ યુપીએની સરકાર ચલાવનાર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એવી વણમાંગી સલાહ આપી છે કે મામલો જ્યારે દેશની સુરક્ષા, વ્યૂહાત્મક સૈન્ય રણનીતિ અને દેશની સરહદોનો મુદ્દો હોય ત્યારે મોદીએ સમજી વિચારીને બોલવુ જોઈએ. વડાપ્રધાને એ બાબતે ખૂબ જ સાવધાની રાખવી પડે કે આ મામલાઓમાં તેમના નિવેદનની કેવી અસરો થશે. નોંધનીય છે કે લદાખમાં ચીન સાથેની અથડામણના મુદ્દ મોદીએ સર્વપક્ષિય બેઠકમાં એવું નિવેદન કર્યું હતું કે ચીને ભારતમાં કોઈ ઘૂસણખોરી કરી નથી અને આપણી કોઈ ચોકી કબ્જે કરી નથી. તેમના નિવેદનના પગલે સંરક્ષણમંત્રી, સેનાના નિવેદનો અને બનેલી ઘટનાને લઈને વિરોધાભાસ સર્જાયો હતો. અને રાહુલે મોદી સરકાર પર સતત રાજકિય પ્રહારો કરીને જવાબો માંગ્યા હતા.

દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે મોદી સરકારને ચીનને જવાબ આપવા વિનંતી કરી છે. લદ્દાખ સરહદ વિવાદમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપતી વખતે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે જવાનોનું બલિદાન વ્યર્થ ન જવું જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, આ સમય સમગ્ર રાષ્ટ્રએ એકજૂથ થવાનો છે અને આપણે સંગઠિત થઈને આ દુસાહસનો જવાબ આપવો જોઈએ.

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે જણાવ્યું કે, '૧૫-૧૬ જૂનના રોજ ગાલવાન ઘાટીમાં ભારતના ૨૦ જવાનોએ સર્વોચ્ચ કુરબાની આપી. દેશના આ સપુતોએ અંતિમ શ્વાસ સુધી દેશની રક્ષા કરી. આ સર્વોચ્ચ ત્યાગ માટે આપણે આ સાહસી સૈનિકો અને તેમના પરિવારના કૃતજ્ઞ છીએ પરંતુ આ બલિદાન વ્યર્થ ન જવું જોઈએ.'

મનમોહન સિંહે જણાવ્યું કે, આપણે ઈતિહાસના નાજુક વળાંકે ઉભા છીએ. આપણી સરકારના નિર્ણયો અને સરકારના પગલા ભવિષ્યની પેઢી આપણી આકારણી કેવી રીતે કરશે તે નક્કી કરશે. દેશનું નેતૃત્વ કરનારા લોકોના ખંભા પર કર્તવ્યની ગંભીર જવાબદારી છે. આપણા પ્રજાતંત્રમાં આ જવાબદારી વડાપ્રધાનની છે.

પૂર્વ વડાપ્રધાને જણાવ્યું કે, 'વડાપ્રધાને પોતાના શબ્દો અને જાહેરાતો દ્વારા દેશની સુરક્ષા અને દુન્યવી તથા ભૂપ્રદેશના હિતો પર પડતા પ્રભાવ પ્રત્યે હંમેશા ખૂબ જ સાવધાન રહેવું જોઈએ. ચીને એપ્રિલથી લઈને આજ સુધી ગાલવાન ઘાટી અને પૈંગોંગ ત્સો લેક વિસ્તારમાં અનેક વખત બળજબરીપૂર્વક ઘૂસણખોરી કરી છે.'

# સરહદે યુદ્ધવિરામ ઉલ્લંઘન, ફાયરિંગમાં એક જવાન શહિદ

જમ્મૂ,તા.૨૨

ભારતીય ચીન સીમા પર ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં એલઓસી નજીક પાકિસ્તાન તરફથી ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં એક ભારતીય જવાન શહીદ થઈ ગયા છે. સેના પાસેથી પ્રાપ્ય માહિતી અનુસાર પાકિસ્તાન તરફથી એલઓસી નજીક કૃષ્ણાઘાટી અને નૌશેરા સેક્ટરમાં મધ્યરાત્રીએ ૩.૩૦ વાગ્યે અચાનક સીઝફાયરનો ભંગ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન તરફથી થોડા સમય સુધી ગોળીબાર ચાલ્યો હતો જેમાં એક ભારતીય જવાન શહીદ થઈ ગયા છે.

ભારતીય સેનાના જણાવ્યા અનુસાર સવારે લગભગ ૫.૩૦ વાગ્યે ફરી એક વખત પાકિસ્તાન તરફીથી એલઓસી પર ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. પાકિસ્તાન તરફથી સીઝફાયરનો ભંગ કરાતા તેમજ ફરીથી ગોળીબાર શરૂ થઈ જતા ભારતીય સેનાએ પણ તેમને જડબાતોડ જવાબ આપતા તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીરમાં લાઈન ઓફ કંટ્રોલ ખાતે પાકિસ્તાન દ્વારા સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરવામાં આવે છે. શનિવારે પાકિસ્તાને ઉત્તારી કાશ્મીરના બારામુલા જિલ્લાના બે વિસ્તારો અને રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. શનિવારે બારામુલામાં એલઓસી ખાતે પાકિસ્તાનના ગોળીબારમાં છ લોકો ઘાયલ થયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# સાચા જૂઠાની વાત પછી પરંતુ ચીનને કેવા પ્રકારનો પાઠ ભણાવીશું.....?!

દેશમાં કોરોના વિકરાળ સ્વરૂપે આગળ વધી રહ્યો છે. દેશભરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪ લાખ ૨૫ હજારથી પણ આગળ વધી રહી છે.મૃતાક ૧૩,૭૦૩ પર પહોંચી ગયો છે. કેન્દ્ર સરકાર સહીત દેશભરની રાજ્ય સરકારોના આરોગ્યતંત્ર કોરોનાગ્રસ્તોને બચાવી લેવા માટે મેડિકલ સારવાર સહિત તમામ સુવિધાઓની વ્યવસ્થા કરી છે.અને આવા કપરા સમયે ભારતની સરહદો પર પાકિસ્તાન અને ચીન પોતપોતાના વ્યુહ અનુસાર હુમલા કરી રહ્યા છે. તો નેપાળે પણ ઘૂરકવાનું શરૂ કરી દીધું છે. એટલે કેન્દ્ર સરકારે ચારેતરફ બાજનજર રાખી સમજી-વિચારીને જરૂરી એક્શનમાં આવવું પડશે. જો કે વર્ષોથી ભારતને આગળ ન વધવા દેવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે અને આ બધાનુ મૂળ બ્રિટન છે. ભારત છોડતા પહેલા અંગ્રેજોએ પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાન કરાવી ભારતને પહેલાથી જ ભીસમાં મૂકી દીધું હતું... પરંતુ સ્વ. વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની કુનેહ અને ઈતિહાસની જાણકારીને લઈને ભારતે પાકિસ્તાનને ૧૯૭૧ના યુદ્ધમાં તહસ નહસ કરી નાખી બાંગ્લાદેશનું સર્જન કરી નાખ્યું. જે સમયે બ્રિટન, અમેરિકા, ચીન જેવા દેશો પાકિસ્તાનના ટેકેદાર હતા.ભારતે તેમના દાંત ખાટા કરી નાખ્યા હતા. પરંતુ વફાદાર મિત્ર તરીકે રશિયા ભારતની સાથે હતું.... અને તે હતી તે સમયના ભારતના નેતાઓની વિદેશી નીતિની વિચક્ષણતા.... આજે તેનો અભાવ છે....! તેમ કહીએ તો ખોટું નથી...!

વિદેશનીતિ બાબતે હાલની સરકાર ગોથું ખાઈ રહી છે.....! અમેરિકા- ચીન વચ્ચેની ભાગ તોડમાં લાભ લેવા જતા ભારતને ગેરલાભ થઈ રહ્યો છે....! બ્રિટન ઈનડાયરેક્ટ ચીનને સહકાર આપી રહ્યું છે તે ચીનને, ખાલિસ્તાની ચળવળકારોને બ્રિટનની જ મદદ મળી, તમિલ ટાઈગરોના સંગઠનને બ્રિટનનું ફંડ મળતું રહ્યું છે.બ્રિટન અમેરિકાનું મિત્ર રાષ્ટ્ર છે. તો બ્રિટનના ચીન અને અમેરિકા બંને દેશો સાથે સારા સંબંધો છે. બ્રિટનની આ નીતિ ભવિષ્યમા અમેરિકાને ભારે પડી શકે....! ત્યારે ભારતે ભારતના પૂર્વ રાજકીય ઈતિહાસ તરફ નજર દોડાવવાની જરૂર છે. દગાખોર ચીન વિસ્તારવાદી હોવાથી મિત્ર બનાવીને પીઠમાં ખંજર ભોંકી દેવામાં શરમ અનુભવતુ નથી... ત્યારે માત્ર અમેરિકા ભારતની મદદથી આવશે તે માનવુ ભૂલભરેલું છે.....! ત્યારે રશિયા સાથે પણ મિત્ર દાવે હવે સંબંધો વધુ મજબૂત બનાવવાની જરૂર છે... અને ત્યારે જ ચીન, પાકિસ્તાન ચુપ રહેશે તો બ્રિટને પણ ભારત સાથે રાજકીય ખેલ ખેલતા બે વાર વિચારવું પડશે.....!!

વિશ્વભરમા ધીરી ગતીએ મંદી આગળ વધવા લાગી છે. તેમાં ચીન પણ બાકાત નથી. ચીનમાંથી વિદેશી રોકાણકારો પોતાના ધંધા સમેટવા લાગ્યા છે. તો નિકાસ પણ ૫૦ ટકા થઈ ગઈ છે.... જેથી રોજગારી પણ ઘટી ગઈ છે. તેની પ્રજા જીન પીગની દુષ્ટતાને કારણે તંગ થઈ ગઈ છે તો ચીનભરમાં આંતરિક રીતે લોકશાહીની લોકમાંગ પ્રબળ બની છે. જે કારણે જીન પીગ પોતાની પ્રજાને ગુમરાહ કરવા લડાખ સરહદે ઉબાડીયુ કરી રહ્યું છે. જે ચીન માટે ઘાતક બની રહેશે.....! કારણ વિશ્વના દેશો હવે ચીનનો બહિષ્કાર કરી રહ્યા છે,ચીનની ચીજ-વસ્તુઓ, માલ- સામાન મંગાવવાનુ બંધ કરવા લાગ્યા છે. અને જો ભારત અને ભારતના લોકો ચીનનો માલ ખરીદવાનું બંધ કરે- બહિષ્કાર કરે તો ચીનના અર્થતંત્રને મોટો ફટકો પડે તે નિશ્ચિત છે. અને તો જ દગાખોર ચીનમા સુધારો થઈ શકવાની શક્યતા છે......! તો ભારતના રાજનેતાઓના નિવેદનોએ ભારત ભરના લોકોમાં ભારે અસંમજસતા પેદા કરી છે. વડાપ્રધાનશ્રી સર્વપક્ષીય બેઠકમાં કહે છે કે ચીને ભારતની સરહદમાં પ્રવેશ કર્યો જ નથી...

જોકે અગાઉ સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવેલ કે ભારતની ટુકડી ચીનના સૈનિકોને ભારતની સીમામાંથી પાછા હટી જવા સમજાવવા ગઈ હતી. તો રાજનાથ સિહ વીડિયોમાં કહેતા સાંભળ્યા કે ચીન ભારતની સરહદમાં ઘુસી ગયું છે. બીજી તરફ કહે છે કે ચીન ભારતના સૈનિકો વચ્ચે હાથાપાઈ થઈ તેમાં બે ભારતીય જવાનો વીરગતિને પામ્યા છે... પણ પછી સમાચાર આવ્યા કે ભારતના ૨૦ જવાનો વીરગતિને પામ્યા છે. ત્યારે લોકોએ સોશિયલ મીડિયા પર પ્રશ્નોનો મારો ચલાવ્યો છે અને મોટાભાગના લોકો કહે છે કે વડાપ્રધાનનુ સાચું માનીએ તો આપણા જવાનો વીરગતિ કયા કારણે પામ્યા.....? અને રાજનાથ કહેછે કે ચીન ભારતની સરહદમાં ઘુસી આવ્યું હતું. તો સાચું કોણ....? આ બાબતે મોદીજીની નામનાનો ગ્રાફ દેશભરમાં નીચે જવા લાગ્યો છે....! તો મોદીજી પોતે જ ધ્યાન આપે તે જરૂરી છે. બાકી લોકો......!? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૩/૦૬/૨૦૨૦, મંગળવાર, અષાઢ સુદ-૨,રથયાત્રા
સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૫૩,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૦૫ અમૃત-૭-૪૬ સુધી, ૯-૨૭થી શુભ-૧૧-૦૮ સુધી, ૧૪-૩૦થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૫૨ સુધ,ી ૨૩-૩૦ થી લાભ-૨૪-૪૯ સુધી

**- શુભ હોરા-**
૬-૦૫થી ૭-૧૩ સુધી,૮-૨૦થી ૯-૨૭ સુધી,૧૧-૪૨ થી ૧૫-૦૪ સુધી,૧૬-૧૧ થી ૧૭-૧૮ સુધી

# સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણઃ ચાંદીમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં ઘટાડોઃ કોટનમાં સેંકડા ઘટ્યા

## કપાસ, એલચી, મેન્થા તેલના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલઃ સીપીઓના ભાવમાં સુધારાનો સંચારઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૧૬૮૪ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૫૪૪૧ સોદામાં રૂ. ૧૧૬૮૪.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૧૪૨૪.૨૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૬૦.૫૦ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીમાં વૃદ્ધિ થઈ હતી. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ, તાંબુ અને નિકલ ઘટ્યા હતા, જ્યારે સીસું અને જસત સુધર્યા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ઘટાડા સામે નેચરલ ગેસ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, એલચી, મેન્થા તેલના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો, જ્યારે સીપીઓના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૨૬૫૩ સોદાઓમાં રૂ. ૬૧૩૫.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૨૮૯ અને નીચામાં રૂ. ૪૭૭૯૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૫ ઘટીને રૂ. ૪૭૯૦૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૯ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૪૮૮ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૬૬ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨ ઘટીને બંધમાં રૂ. ૪૭૮૯૫ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૯૦૮૮ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૨૬૧ અને નીચામાં રૂ. ૪૮૬૬૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૧ વધીને રૂ. ૪૮૮૨૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૧૮૩ વધીને રૂ. ૪૯૦૨૧ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧૯૮ વધીને રૂ. ૪૯૦૦૧ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૭૮૦૮ સોદાઓમાં રૂ. ૨૬૦૫.૫૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૪૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૬૫ અને નીચામાં રૂ. ૨૯૯૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦ ઘટીને રૂ. ૩૦૨૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૭૭૫ સોદાઓમાં કુલ રૂ. ૨૪૯.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૫૦ અને નીચામાં રૂ. ૧૫૮૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૦ ઘટીને રૂ. ૧૫૯૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૧૭.૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૫ વધીને બંધમાં રૂ. ૭૨૩.૯ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૦૦ ખૂલી, અંતે રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૩૦૦ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૦૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૧૯ અને નીચામાં રૂ. ૧૦૦૧ રહી, અંતે રૂ. ૧૦૦૩.૩ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૨૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩૫ અને નીચામાં રૂ. ૧૦૨૫.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૦૦ ઘટીને રૂ. ૧૦૨૭ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૬૫૯૭ સોદાઓમાં કુલ રૂ. ૩૫૬૪.૨૬ કરોડ ની કીમતનાં ૭૪૨૩.૨૪૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૬૦૫૬ સોદાઓમાં કુલ રૂ. ૨૫૭૧.૫૫ કરોડ ની કીમતનાં ૫૨૩.૭૭૫ ટન, ક્રૂડ તેલમાં ૪૨૨૨૬ સોદાઓમાં રૂ. ૧૮૮૦.૨૨ કરોડનાં ૬૧૮૮૫૦૦ બેરલ્સ, કોટનમાં ૬૭૩ સોદાઓમાં રૂ. ૪૮.૩૫ કરોડનાં ૩૦૦૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૯૮૯ સોદાઓમાં રૂ. ૧૯૨.૪૧ કરોડનાં ૨૭૧૪૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૩૦ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૬૪ સોદાઓમાં રૂ. ૭.૪૪ કરોડનાં ૭૩.૪૪ ટન, કપાસમાં ૪૮ સોદાઓમાં રૂ. ૧.૧૩ કરોડનાં ૨૨૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૭૮.૯૨૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૨૫.૦૦૮ ટન, ક્રૂડ તેલમાં ૫૫૭૬ બેરલ્સ, કોટનમાં ૧૨૮૧૦૦ ગાંસડી, સીપીઓમાં ૬૪૦૫૦ ટન, એલચીમાં ૦.૪ ટન, મેન્થા તેલમાં ૧૨૫.૨૮ ટન અને કપાસમાં ૨૨૦ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૬૦.૫૦ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૪.૯૨ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૫.૧૬ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૪.૮૪ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૯ ખૂલી, ઊપરમાં રૂ. ૮૩૫ અને નીચામાં રૂ. ૬૩૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૮૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૬ ખૂલી, ઊપરમાં રૂ. ૩૭૮.૫ અને નીચામાં રૂ. ૨૭૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૫૯.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૪૫ અને નીચામાં રૂ. ૨૧૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૪૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૦ અને નીચામાં રૂ. ૧૯૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૭ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪.૪૬ ખૂલી, ઊપરમાં રૂ. ૪.૪૬ અને નીચામાં રૂ. ૪.૪૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૪૬ બંધ રહ્યો હતો.ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૩૪ ખૂલી, ઊપરમાં રૂ. ૨૪૮.૭ અને નીચામાં રૂ. ૨૨૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨૭.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૧ અને નીચામાં રૂ. ૧૭૮.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૫.૨ બંધ રહ્યો હતો.

# રથયાત્રા ઉપર રોક ભાજપ ની નિષ્ફળતા નું કાવતરું




અમદાવાદની રથયાત્રાએ સ્વતંત્રતા પહેલાં અને પછી ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. સૌથી પહેલી વખત ૧૯૪૬માં સ્વતંત્રતા પહેલાં રથયાત્રામાં હિંસા થઈ હતી.

આ વર્ષમાં રથયાત્રા બાદ અમદાવાદમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં.ગુજરાત રથયાત્રામાં હિંસાનો સૌથી ખરાબ સમય ૮૦ અને ૯૦નો દાયકો હતો.તેમાં પણ ૧૯૮૫માં રથયાત્રાના થોડી દિવસ પહેલાં કોમી તોફાનોમાં થયેલાં મૃત્યુ + કર્ફ્યૂના કારણે રથયાત્રા કાઢવા પર સરકારે પ્રતિબંધ મૂકવો પડ્યો હતો.જોકે, ત્યારે પહેલી વખત સરકારના આદેશનું ઉલ્લંઘન કરીને શંભુ મહારાજે રથયાત્રા કાઢી હતી.૧૯૮૫નાં કોમી રમખાણોમાં ફાયરિંગ બાદ અમદાવાદનું વાતાવરણ તંગ હતું. ત્યારે પહેલી વખત રૂટ બદલવામાં આવ્યો હતો. તો પણ રથયાત્રામાં હિંસા થઈ હતી અને નાનાં-મોટાં તોફાનો થયાં હતાં.

૧૯૮૯માં પહેલી વખત આખી રથયાત્રા પર હેલિકૉપ્ટરથી નજર રાખવામાં આવી હતી.

૧૯૯૨માં રથયાત્રા પર થયેલા હુમલા બાદ સરકાર વધુ સતર્ક બની હતી.

૧૯૯૩માં પહેલી વખત બુલેટપ્રૂફ કવચમાં રથયાત્રા નીકળી હતી. આ સમયે તોફાનની પેટર્ન પણ બદલાઈ હતી.તે સમયે ટોળામાં ભગવાનના દર્શન કરવા આવેલા લોકો પર ચાકુથી હુમલો થતો અને પછી તોફાની તત્ત્વો ભાગી જતા અને નાસભાગ મચી જતી.રથયાત્રાના અઠવાડિયા પહેલાં અમદાવાદના સંવેદનશીલ વિસ્તારોની દવાની દુકાનો પર તપાસ થતી કે શું જીવન જરૂરી દવાઓની મોટા પાયે ખરીદી થઈ છે કે નહીં.×જો બીપી + ડાયાબિટીસ જેવા રોગો માટે વધારે દવા ખરીદાઈ હોય, તો તુરંત શાકભાજી માર્કેટમાં તપાસ થતી. ત્યાં પણ જો ડુંગળી + બટાટા + કંદમૂળ જેવી વસ્તુઓની વધારે ખરીદી થઈ હોય તો સમજી લેવામાં આવતું કે આ રથયાત્રાના તોફાનો પહેલાની શાંતિ છે. કેમ કે, તોફાન થાય અને કર્ફ્યૂ લાગુ કરવામાં આવે તો દુકાન બંધ રહે અને જરૂરી સામાન મળી શકે નહીં.

એક વખત તો ચ વર્ષ યાદ નથી પણ ૮૫ / ૮૯ ના હુલ્લડ વખતે સરકારે રથયાત્રા ન કાઢવાનો હુકમ કર્યો હતો. મંદિરના મહેનશ્રી એ જણાવ્યું કે કોઈપણ ભોગે રથયાત્રા તો નીકળશે જ . અષાઢી ૨ ના દિવસે વહેલી સવારે ભગવાન શ્રી જગન્નાથ જી ની રથયાત્રા ના આરંભમાં ગજરાજ તૈયાર ઉભા હતા. પરંતુ પોલીસ એ એવી વ્યવસ્થા કરી કે હાથી બહાર ન નીકળે તે માટે પોલીસનો જેપો આગળ ખડકી દીધી ! પણ હાથી આગળ આ પોલીસ ની જીપ નું શું ગજું ! હાથી એ આગળ વધવા માટે જીપને ઉછાળી નાખી ને માર્ગ ખુલો કર્યો અને રથયાત્રા નિજ માર્ગ પર આરંભ થઈ..કહેવાનું એક જ છે કે ઉપરોક્ત ભયાનક પરિસ્થિતિ માં પણ રથયાત્રા થંભી નથી તો વર્તમાન માં કેમ રોકાય ? કોણ નરમ પડે છે ? શું હાઈકોર્ટે મનાઈ હુમક ફરમાવતા ૧૪૩ વર્ષમાં પહેલી વાર ભગવાનની રથયાત્રા નગરદર્શન કરશે નહીં ? અસંભવ ....

હાઈકોર્ટ નું કહેવું છે કે હજુ પણ કોરના વાયરસ નું સંક્રમણ યથાવત છે એટલેકે ગંભીર છે જે સંક્રમણ વધુ ફેલાઈ શકે તેમ છે તે માટે રથયાત્રા ન નિકાઇ શકે ! હું હાઈકોર્ટ ને પૂછું છું કે જો સંક્રમણ ની ભાયાવતા એટલીજ તીક્ષણ છે તો પછી લોકડાઉન કેમ ખોલ્યું છે સરકારે ? આખું ગુજરાત આજે સક્રિય છે વેપાર + ધંધા + નોકરી માટે રોડ પાર છે ત્યારે સંક્રમણ નથી ફેલાતુ ? ત્યાં કોઈ રોક કેમ નથી ? લોકડાઉન હવે અનલોક છે તેનો સીધો અર્થ એ છે કે હવે સંક્રમણ ઘટ્યું છે !? કોર્પોરેશ ખુદ કહે છે કે કોટ વિસ્તાર માં પોજીટીવ કેવું નિરંતર ઘટી રહયા છે .. તો પછી રથયાત્રા પર રોક કેમ ? સંક્રમણ ની એટલીજ ચિંતા હોય તો અનલોક હટાવો અને ફરીથી લોકડાઉન કરો. ડબલ સ્ટર્નડાર ન ચાલે .ભગવાન જગન્નાથ મંદિર ના મહંત શ્રી એ મક્કમ બની ને આવનારી ૨૩મી જૂને ૧૪૩મી ભગવાન જગન્નાથની રથયાત્રા કાઢવીજ જોઈએ . જેને સંક્રમણ નો ભય હોય તે રથયાત્રા માં સહભાગી ન બને.જેની રક્ષા સ્વયં ભગવાન જગન્નાથ કરે તેને સેનો ભય હોય ...... હા એ સંભવ છે કે રથયાત્રા માં કેવળ ત્રણ રથ સિવાય બુજુ કશુંજ ન જોડાય......

બોલો જય રણછોડ.....જય શ્રી કૃષ્ણ......જય જય ગરવી ગુજરાત ......ભારત માતા કી જય ..વંદે માતરમ .

## સમાચાર સંક્ષિપ્ત.....તંત્રી પદેથી...

પૂર્વ મુખ્યમંત્રી,ભાજપ,કૉંગ્રેસ દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા નું એન.સી.પી માંથી રાષ્ટ્રીય મહામંત્રી પદેથી પણ રાજીનામું...હવે જનતા કહેશે તેમ કરીશ...

પૂર્વ કેન્દ્રીય મંત્રી તેમજ ગુજરાત કૉંગ્રેસ પૂર્વ પ્રદેશ પ્રમુખ અને તંજેતર માં રાજ્યસભાની બેઠક ઉપર પરાજિત થયેલા ભરતસિંહ સોલંકી કોરોના પોઝિટિવ માં સપડાયા...બરોડા હોસ્પિટલ માં દાખલ કરાયા...

સુપ્રીમ કોર્ટ દ્વારા પૂરી માં રથયાત્રા કાઢવા શરતી મંજૂરી ના આદેશ અપાયા...

ગુજરાત હાઇકોર્ટ દ્વારા રથયાત્રા ઉપર રોક પણ બાવા બગડ્યા, અનુયાયી ભક્તો ભારે નારાજ..રથયાત્રા કાઢવા મક્કમ નો નાદ અમદાવાદ મા ગુંજી રહ્યો.

ગાંધીનગર મા પણ પંચદેવ મંદિર મા જ રથ ફરશે અને રથયાત્રા મનાવશે તેમ સૂત્રો ની જાણકારી મળી..

કોર્ટ કમ્પાઉન્ડ માં નોટરી એડવોકેટ અત્યાર સુધી બેસીને વકીલાત સાથે સ્ટેમ્પ,નોટરી નું કાર્ય કરતા પણ એકાએક તંત્ર દ્વારા રોજ લગાવતા કોર્ટ બહાર રેંકડી ની જેમ છત્રીઓ નીચે બેસી ને કાર્ય કરી રહેલ નજરે પડ્યાં..

વિદ્યાર્થીઓ નું શિક્ષણ કાર્ય બિલકુલ ઠપ હોવા છતાં લાખો.કરોડો ના ખર્ચે બનાવેલ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો નિં જાહેરાત, પ્લેમફલેટ ફરતા થતાં વાલીઓ માં સાચી માહિતી નો અભાવ જોવા મળ્યો..

પ્રજા આત્મ નિર્ભર જ છે છતાં સરકાર ની કોરોના મહામારી ના સમય માં લાખો કરોડો ના ખર્ચે આત્મનિર્ભર યોજનાઓ ની અખબારો માં મસમોટી જાહેરાત..

સરકારી જાહેરાતો માં પહેલી જુલાઈ થી ત્રીસ સપ્ટેમ્બર સુધી એકલાખ ની લોકો મધ્યસ્થ.સહકારી બેંક મા ફોર્મ મેળવી ભરી ને ૪% વ્યાજ સાથેના હપ્તા લોન ના પ્રથમ છ માસ પછી ચાલુ કરવાની જાહેરાત..પણ બેન્કો નું કોઈ સમર્થન હજુ મળતું નથી.

ટોરેન્ટ પાવર ના બાકી ચાર માસ ના બીક માટે ઘરે ઘરે ઉઘરાણી શરૂ. બાકી બિલ ભરાયા પછી ૧૦૦ યુનિટ નવા બિલ માં બાદ મળશે પણ જો સરકાર નો પરિપત્ર ટોરેન્ટ ને આપવામાં આવશે તો.હજુસુધી સરકાર નો પત્ર ટોરેન્ટ હાઉસ પહોંચ્યો નથી.

ગુજરાત ની સરહદો સીલ છે પણ મહાનગર અને પાટનગર માં સરળતાથી માંગો તે બ્રાન્ડ નો દારૂ હોમ ડિલિવરી થી પહોંચે છે.તો આં બૂટલેગરો ને કયા ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓ કટકી લઈને છાવરતા હશે..ગુજરાત ના તમામ પોલીસ સ્ટેશન ની હદ માં આં વેપાર બેરોકટોક ચાલે છે જેની જે તે પોલીસ સ્ટેશન ના પી.આઇ ને સંપૂર્ણ જાણકારી હોવા છતાં કાયદા ને ઘોળી.પી જઈ ને પ્રજાને ગેરમાર્ગે દોરવામાં આવે છે.

ગુજરાત એસ.ટી નું માત્ર ૧૫ થી ૨૫ ટકા તંત્ર ચાલુ થયું હોવા છતાં ગુજરાત ના તમામ એસ.ટી.ડેપો ની કેન ટીન ના પરવાનેદાર ને મસમોટા ભાડા ની વસુલાત ની નોટિસ આપવામાં આવી છે. કોઈપણ રોજબરોજ ની અવરજવર ના હોવાથી કોઈ કેન ટીન ની આવક ના હોવા છતાં અધિકારીઓ પરેશાન કરી રહ્યા છે અને વર્ષે ૧૦% વધારા બાબતે પણ કોઈ માફી હજુ આપવામાં આવી નથી. જેથી આખું એશોપીએશન ટેન્શન મા છે..

સરકારી ઓફિસો ચાલુ થઈ ગઈ છે પણ પબ્લિક ની અવરજવર ૯૦. % બંધ હોવા છતાં અધિકારીઓ વર્ષો ની કટકી ની આદત ના લીધે ફોન નથી ઉપડતા અને કેટલાક તો કામ નું પૂછો એટલે કરી ના બોક્સ લઈ આવો તેવી વાતો કરવાની ફરિયાદ સૌરાષ્ટ્ર ના લોકો માથી મળી છે.રોજે રોજ પેટિયું રળતા આજકાલ જ્યાં ત્યાં ભટકતા જોવા મળે છે..હજુ મોટા ભાગના ધંધા રોજગાર માલિકો પોતાના સ્ટાફ ને કોરોના થાય તો સરકારી તંત્ર થી બચવાની દેહસત માં હજુ કામ શરૂ નથી કરતા..

ન્યૂઝ ઓફ ગાંધીનગર..સમાચારો મોકલવા...વોટ્સ અપ કરો. (૯૮૨૪૬૫૩૦૭૩)

## -મનોદિવ્યાંગ બાળકોની વ્યથા-કોણ સમજશે?-

અત્યારે કોરોના મહામારી ને કારણે શાળાઓમાં બાળકો ના પ્રવેશ ની મનાઈ છે.શૈક્ષણિક સ્ટાફ હાજર હોય છે.વાત છે મનોદિવ્યાંગ બાળકોની કે જેઓ નોર્મલ શાળામાં જવાના બદલે વિશિષ્ટ શાળામાં જઈ રહ્યા છે. વિશિષ્ટ શાળા માં તેમને અભ્યાસ સહ તાલીમ આપવામાં આવે છે. જેમકે પ્લે થેરાપી,ઓક્યુપેશનલ થેરાપી,સેન્સરી સ્ટિમ્યુલેશન,બિહેવીયર થેરાપી,સાયકો થેરાપી,ફિઝિયોથેરાપી,સ્પીચ થેરાપી, એક્ટિવિટી ઓફ ડેઈલી લીવીંગ સ્કીલ વગેરે...

શાળા બંધ રાખવાના સરકાર શ્રી ના નિર્ણયને આધીન આ પ્રકારની થેરાપી આપતી વિશિષ્ટ શાળાઓ પણ હાલ બંધ છે.થેરાપી બંધ હોવાને કારણે મનોદિવ્યાંગ બાળકો હાઈપર બનતા જાય છે. રેસ્ટલેસ છે એ વધુ રેસ્ટલેસ થતા જાય છે.સ્થુળતા અને થાઇરોઇડનું પ્રમાણ પણ વધતું રહે છે. પ્રવૃત્તિ ના અભાવે ગુસ્સો કરવો,તોડફોડ કરવી,જીદ કરવી,મારવુ,થુંકવુ જેવા બિહેવ્યર પ્રોબ્લેમ પણ વધેલા જોવા મળે છે.

વિશિષ્ટ શાળા માં શિક્ષણ કાર્ય કરતા થેરાપી વર્ક વધુ રહે છે. માટે જો સરકારશ્રી તરફથી ગાઇડ લાઈન ને આધિન જો વિશિષ્ટ શાળા શરૂ કરાય અને તેમાં વ્યક્તિગત રૂપે થેરાપી વર્ક શરૂ કરવામાં આવે તો મનોદિવ્યાંગ બાળકોમાં વધતી સમસ્યાઓમાં રાહત મેળવી શકાય એમ છે.જે ઘરમાં આ પ્રકારનું બાળક છે તે લોકો જ આ પ્રશ્નને સમજી શકે છે. સમાજમાં પ્રમાણમાં આ બાળકો ઓછા છે જેથી એમની સમસ્યા પરત્વે સમાજ કે સરકાર શ્રી નું ધ્યાન પડતું નથી. નોર્મલ શાળા જોડે વિશિષ્ટ શાળાઓ ને સાંકળવાના બદલે તેના અસ્તિત્વની અલગ નોંધ લેવાય અને એવી શાળાઓને થેરાપી વર્ક-કાઉન્સેલિંગ વર્ક શરૂ કરવાની મંજૂરી મળે તો તે મનોદિવ્યાંગ બાળકોના હિતમાં જ છે.આ અંગે ગુજરાત સ્પાસ્ટીક સોસાયટી-નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મ્યુનિ.કમિશ્નર,જીલ્લા કલેકટર અને સમાજ સુરક્ષા નિયામકશ્રીને લેખિત રજૂઆતો પણ કરેલ છે.મિડિયા જો સત્ય જણાય તો આ બાબતે મદદ કરશે તો તે આવકાર્ય છે.

શ્રી નિલેષ પંચાલ
ઉપપ્રમુખ-ગુજરાત સ્પાસ્ટીક સોસાયટી,અમદાવાદ

# ફાધર્સ ડે..શ્રદ્ધાંજલી.....

શાંતિ...........શાંતિ........... શાંતિ....હી.........

૨૫મી પૂણ્યતિથિ એ સ્વ. અનિરુદ્ધ ભાઈ નટવરલાલ રાવલ

જ.તા.૨૭-૧૨-૧૯૩૩

પ્રયાણ:-૨૧-૦૬-૧૯૯૫

અક્ષરગીત હ્દયં!જલી

ભક્તકવિઃ-" હસુ ગોવિંદ"

બારોટ પાલનપુરી.

---

સ્વ -સ્વ.ને જાણી જગમાં અવતર્યા,
દિપાવ્યા માત પિતાના સંસ્કાર ; અ-અજરઅમર
અવિનાશી, ની શોધમાં છોડી દીધો સંસાર.
નિ -નિતી મતામાં જીવન જીવ્યાં, દિવયવાણી અપરંપાર,
રૂ -રૂક્ષ કદિ બન્યાનહીંમાટે સૌયાદકરે વારંવાર.
ધ -ધધકતા હ્દયમાં લાગણી ની સદા, વહે અમિયલ ધાર,
ધ -ધરતા સ્મરણ હરહર મહાદેવ ને માં કુળદેવી માનો
આધાર.
ભા--ભાવે ભોળાને ભજી આપ્યા બાળકો ને અમુલા જ્ઞાન ,
ઈ - ઈશ્વરનીપ્રતિતી કરાવી દિધા અનમોલ ધ્યાન.
ન -નજર હતી તેજો મઈ, પારખશકતિજોઅમાપ,
ટ -ટમટમતા દિવે પ્રકાસયા જીવનમાં કર્યા નહિપાપ.
વ -વહેવારી કુશળતાજોઈ સુલક્ષણા પામ્યા.. અર્ધાંગિની નાર,
ર - રવરવ રટતાં ભોળાથી પામ્યાપ્રદીપ પુત્રસંસાર.
રા-રામરાજ્યનુંવાતાવરણ નેદશરથ સમાનપુત્ર ચાર
વ-વ્હાલવર્ષેઅમીરસભર્યું, વર્ષે જે અનરાધાર.
લ -લક્ષના ઓજલ કર્યું ને! આપ્યા સુવિનય વાણી
સવાર સાંજ; શતશત નમન કરે રાજુ
મોનિકા, પુજા, ભૂમિ માયરા. જીઆ.. શિવાશ .
બારોટ "હસુ ગોવિંદ "અર્પે
હ્દયા જલી સંગીત ની સુરાવલી સાથ.
ચારેય પુત્રો પુત્ર વધુ ઓ.ને
પૌત્ર પૌત્રી ઓ...!!!દાદા અનિરુદ્ધ ભાઈ ને આજ.
ભક્તકવિઃ-"હસુ ગોવિંદ "બારોટ.પાલનપુરી.
અર્પણ. પ્રદિપ રાવલ...
જનફરિયાદ દેશવિદેશ સાપ્તાહિક અને.. ન્યુઝ ઓફ ગાંધીનગર
ને સપ્રેમ ભેટ. ગોવિંદ બારોટ પાલનપુર કલાકાર નાજય
માતાજી.
બાર(+૧ મહેમાન ઋ) =૧૩ સ્વરો નું અક્ષર
" દૈવી સ્તુતિ ગીત "
કર્તાઃ-ભકતકવિ-
બારોટ" હસુ ગોવિંદ" પાલનપુરી

---

અ-અચલેશ્વરી અર્બુદા દૈવી માતા મારી અંબિકા,
દુઃખદિનોના ભાંગજો,
આ-આધ્યશક્તિ ઈશ્વરીમા
આશિષ અનેરા આપજો.
ઇ-ઈન્દ્રાણી દૈવી માઅનુપમ વિધ્ન મારા સૌટાળજો
ઈ-ઈતની શકતિ આપજે મા
અંબા વેગેવેલી આવજો.
ઉ-ઉરમહી મા મહાકાળી ને
આવિચળ યાદ રાખજો,
ઊ- ઊંઘ આળસ તજીને, ભકતિ કરો મા ;
બહુચરભજે રૂડાભાવજો.
ઋ- ઋષિ મુનિ ભજે મા ભગવતી દિન રાતજો.
એ-એકય તણાં બંધનો ને, અનંત ઉરથીવધાવજો;
ઐ-ઐશ આરામટાળી મા! હૈયે ખોડલ સંભારજો .
ઓ- ઓઅનંત બળદેનારી
મા બહુચરા.મારા દુઃખ દરિદ્ર નિવારજો;
ઔ-ઔખા ધરાવાળી મા! મોગલ મચ્છરાળી ,
હૈયે હેત વધારજો. અં- અંબાભવાની ઈશ્વરી ,
ગબ્બરગોખ દિપાવજો, ઓજસ ભરો મૈયા-
ચોફેરયશ પ્રસરાવજો, અઃ-અઃહમઈશ્વરીનમુંહેતે,
બારોટ"હસુગોવિંદ"ને, ચાચરે ગીતોગવરાવજો
માચા ચરે ગીતો ગવરાવજો
માચા ચરે ગીતોગ વરાવજો.ભગવતી અંબાય નમઃ.
તેર સ્વરો અર્પણ કરૂમા, "હસુગોવિંદ"ખોળેલેવજો,
તારોજ અંશ ઘણીને મા! ઘળે શ્રેય અપાવજો.

---

ભકતકવિઃ- બારોટ..."હસુ ગોવિંદ"પાલનપુરી.

---


શ્રધ્ધાંજલી પિતાજીને...અર્પણ કરીએ આજની પવિત્ર પુણ્ય તિથિએ સહુ નત્ મસ્તક જોડી બે હાથ શાન્તિ મળે આપના શુધ્ધાત્માને મોક્ષગતિ પ્રાપ્તિ હો પ્રભુ સંગાથ આપના આશીર્વાદ મળતા રહે કૃપા આપની સદા વરસતી રહે "મન"નું શ્રધ્ધાસુમન અર્પણ. (મનહરભાઈ વ્યાસ.કેનેડા)

# માણાવદરના લીંબુડા ના વેપારી ઉપર છરી વડે હુમલો

માણાવદર તાલુકાના લીંબુડા ગામના કાલા કપાસનો વેપારી દલાલ ની કામગીરી કરતા વેપારી રમેશભાઈ ગોરધનભાઈ સવસાણી ઉ.વ. ૫૮ વાળાને સાંજે ૭ વાગ્યા આસપાસ બે અજાણ્યા યુવાનો લીંબુડા ગામે રસ્તો પુછવાના બહાને આ રમેશભાઈ પાસે આવ્યા ત્યારે અચાનક જ છરી વડે હુમલો કરી એક માથામાં અને બે પાછળ ના ભાગે છરીના ધા મારી હિચકારો હુમલો કરતા ગ્રામ જનો દોડી આવ્યા અને હુમલો કરનાર ને બન્ને ને પકડીને બાંટવા પોલીસ ને સોંપ્યા હતા બાંટવા પોલીસ ફરિયાદ લેવા માટે માણાવદર સરકારી હોસ્પિટલ આવી હતી અને રમેશભાઈ ની ફરીયાદ ને આધારે પોલીસે તપાસ હાથ ધરી

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..
# તંત્રી : આયોજક : પ્રદીપ રાવલ

સાહિત્ય ગ્રુપ એડમીન ટીમ
ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી.કિશોર ઠક્કર
સહ નિર્ણાયક : આરતી મરચાંટ,આરતી રામાણી
સહ સંચાલક : પ્રણવ ઝાંખર.મનીષ વોરા
ગ્રાફિક્સ ડિઝાઇન : પ્રણવ ઝાંખર

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર...સ્પર્ધા નંબર :૭
સુભાષિત :
હાટ હાટ હીરા નહીં
કાંચનના નહીં પહાર
સિંહ તણાં ટોળાં નહીં
સંત વિરલ સંસાર

વિશ્વના સર્વશ્રેષ્ઠ કવિઓમાં જેમની ગણના થાય છે એવા ૧૫મી સદીમાં થઈ ગયેલ - ભારતનાં આધ્યાત્મિક આકાશનાં ચમકતા સિતારા એટલે સંત કબીર.

પ્રસ્તુત સુભાષિત; સંત શ્રી કબીરજીનાં બોધવચનોની ઝાંખી કરાવે છે. સંત કેવા હોય?, સાચા સંતના લક્ષણ શું? એ વાતને અહીં હિરા, કાંચન એટલે કે સોનું અને સિંહ એ ત્રણેયના અસામાન્ય ગુણોનો પરિચય આપતાં સરસ રીતે રજૂ કરવામાં આવી છે.

હાટ એટલે બજાર. હીરા જેવી કિંમતી વસ્તુ ભરી બજારમાં કે સામાન્ય દુકાનોમાં ન મળે. પ્રૃથ્વીના પેટાળમાં વર્ષોની તપસ્યા પછી એકાદ કોલસો હિરો બને.

કાંચન એટલે કે સોનું. નરમ ખરું પણ એને કાટ કદી ન લાગે એટલે જ કિંમતી. આ સોનુ ખાણમાં થી પ્રાપ્ત થાય; એ તપે પછી જ એનામાં શુદ્ધતા કેળવાય, એના પહાડ ન હોય. સિંહોના ટોળા નહીં, કેમ? કારણ એ ખરો શૂરો છે; શૂરવીર છે, નીડર છે. એ એકલો હજાર બરાબર છે અને એટલે જ આપણા સાહિત્યમાં પણ કહેવાયું છે,
"બાકર બચ્ચા લાખ, લાખ બિચારા
પણ સિંહણ બચ્ચું એક, એકે હજારા"

એ જ રીતે આ સંસારમાં માં સાચા સંતો બહુ જૂજ છે, આવા સંતનો ભેટો થવો દુર્લભ છે. આ જ વાત કબીરજીનાં વધુ એક દોહામાં છે કે, 'સૂરાકા તો દલ નહીં, ચંદન કા બન માંહી, સબ સમુદ્ર મોતી નહીં, યું હરિજન જગમાંહી'

વૈશાલી જે મહેતા

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સ્પર્ધા -૭
સુભાષિતઃ-
હાટ હાટ હીરા નહિ, ંચનના નહિ પહાર;
સિંહ તણાં ટોળાં નહિ, સંત વિરલ સંસાર.

આ સુભાષિતમાં હીરા, સોના, સિંહ તથા સંતની વાત કરેલ છે. કોઇપણ શહેર કે નગરમાં દરેક બજારની દુકાનોમાં હીરા મળતા નથી. તે તો હીરાને પારખનાર ઝવેરીની દુકાનમાં હોય છે.

એ જ રીતે દરેક પહાડોમાંથી કે ખાણોમાંથી સોનું મળતું નથી. પહાડો કે ખાણોમાંથી લોખંડ, તાંબુ, આરસ ને બીજી ઘણી ધાતુઓના અને કોલસાના પહાડ હોય છે. પરંતુ સોનાની ખીણ હજારોના એક ભાગની હોય હોઈ શકે છે. પહાડોમાંની માટીમાંથી સોનું મેળવવા ઘણી મહેનત લાગતી હોય છે.

એ જ રીતે જંગલમાં સિંહના કોઈ ટોળાં નથી હોતા કે ટોળામાં કોઇ સિંહ નથી હોતો. એતો એકલો જ એની મસ્તીમાં ફરતો હોય છે. કારણ તે જંગલનો રાજા હોય છે. તે વીરતા અને પરાક્રમનું પ્રતીકની સાથે અંબામાતાનું વાહન છે.

પહેલી નજરે કેસરી રંગનાં વાઘા,વધારેલી જટા, રૂદ્રાક્ષની માળા, ચીપીયો દેખાય એવાં સાધુ-સંતો સાચા નથી હોતા. સાચા સંતો નજરે પણ નથી પડતા. તે સાચા સંતો પહાડો પર કે ગુફામાં સમાધી લગાવીને ભગવાનની સાધના કરતાં હોય છે. એવા સંતો ને શોધવા માણસોમાં સારી નીતિ, શુદ્ધ ભાવના, ભક્તિ, પરમાર્થની વૃતિ હોવી જોઈએ. આવા સંતો પણ એક વિરલ ને અદ્વિતીય છે.

હીરા જેવા બત્રીસ લક્ષણોવાળા, સિંહ જેવા બહાદુર અને અવાજવાળા,સોના જેવા પવિત્ર અને સંસારમાં રહીને ભગવાનની ભક્તિ કરવાવાળા માણસો આ દુનિયામાં ભાગ્યે જ મળે છે.

'મન' મનોજકુમાર પંચાલ...પાલનપુર

---

સ્પર્ધા નમ્બર - ૭.....સુભાષિત
શબ્દો - ૨૦૩
હાટ હાટ હીરા નહિ, કાંચન નહિ પહાર
સિંહ તણાં ટોળાં નહિ,સંત વિરલ સંસાર

ઉપરના સુભાષિતમાં સો ટચના સોના જેવી વાત કરી છે એવું કહી શકાય.

સાચા હીરાની હાટડીઓ ઠેર ઠેર ના હોય.હીરા બહુ કિંમતી અને મૂલ્યવાન હોય છે.એ મેળવવા માટે મરજીવા બનીને દરિયાના તળિયે ડૂબકી મારવી પડે છે.

કાંચન એટલે કે સોનું અને પહાર એટલે પહાડ.સોનું પણ બહુ મૂલ્યવાન ધાતુ છે.એના પહાડ ના હોય.અમુક જગ્યાએ કાચા સોનાની ખાણો હોય છે. કાચા સોનામાંથી શુદ્ધ સોનુ બનાવવાનું કામ બહુ મહેનતનું છે.

સિંહ એ પશુઓનો, જંગલનો રાજા છે.રાજાશાહી સ્વાભવ છે એનો. એ ક્યારેય ટોળામાં નથી ચાલતો પણ એકલો ઠાઠથી ચાલે છે.બધા પશુઓ એનાથી ડરે છે. સિંહ બધા પશુઓમાં હોંશિયાર ગણાય છે.એની ત્રાડ આખા વનનાં પ્રાણીઓને ધ્રુજાવી દે છે.

એવી જ રીતે કામ, ક્રોધ, લોભ, મોહ જેને સ્પર્શે નહીં અને પાંચેય ઇંદ્રિય પર જેનો કાબુ હોય એ સાચો સંત.આવા વિરલા કોઈક જ હોય છે.

ઉપરની બધી જ વાતો હીરા અને સોના જેવા કિંમતી, સિંહ જેવા બહાદુર અને સારા નેતૃત્વના ગુણો ધરાવનાર અને સંત જેવા પવિત્ર, જ્ઞાની અને ત્યાગી મનુષ્યને અનુલક્ષીને કરી છે.આવા મનુષ્યો ઉચ્ચ મનુષ્યત્વ ધરાવે છે.

રણમોરચે લડતાં આપણાં સૈનિકો, કોરોના સામે લડતાં, ડોક્ટરો, નર્સો, પોલીસ,તેમજ સમાજને સાચા માર્ગે દોરતા સાધુ સંત આવા વીર પુરુષનાં ઉદાહરણ છે.ગાંધીજી, સરદાર અને રવિશંકર મહારાજ આના ઉત્તમ ઉદાહરણ છે.

પ્રફુલ્લા પ્રસન્ના....અમદાવાદ

---

"ગદ્ય " વિભાગ
સુભાષિત.
હાટ હાટ હીરા નહિ, કાંચનના નહી પહાર,
સિંહ તણા ટોળા નહિ, સંત વિરલ સંસાર....

અર્થ... આ સુભાષિતમાં સંતની મહત્તા દર્શાવામાં આવી છે.

જ્યાં જાવ ત્યાં હીરા મળતા નથી, હીરા બહુ કિંમતી હોય છે,

હીરા જેવું કિંમતી બનવા માટે ઘસાવું પડે છે ત્યારે હીરાની ચમક દેખાય છે તેમ સાચા સંત કોઈકજ હોય છે.કે જે હીરાની જેમ ચમકી ઉઠે છે..હીરા જેવું તેજ ધરાવતા સંત બધે જોવા નથી મળતા.

સોનાના પહાડ નથી હોતા એતો ભઠ્ઠીમાં તપીને પછી સોનુ બને છે તેમ સાચા સંત અનેક કષ્ટ વેઠી તપ સાધના કરી સાધુત્વ ને પ્રાપ્ત કરે છે ત્યારે એમની સોના તુલ્ય કિંમત થાય છે.

સાચા જ્ઞાની સંત સિંહની જેમ ટોળામાં નથી રહેતા એતો
આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સમાજના સુખોથી અલિપ્ત થઈ ને એમની મસ્તીમાં એકલા વિહરતા હોય છે..એમને કોઈનો ભય રહેતો નથી કારણકે આતમ તત્વ પ્રાપ્ત કરી ચૂકેલા
એ સંતને કઈ ખોવાનો કે કોઇનાથી હારવાનો ડર હોતો નથી.

આવા હીરા જેવા તેજવાન અને સોના જેવા શુદ્ધ કોઈ વિરલા જ પુરુષો સંત બને છે.જે સિંહની જેમ એકલા વિહાર કરીને ઇન્દ્રિયોના ભયથી મુક્ત થઈ ફરતા હોય છે...એવા સાચા સંતો આ સંસારથી વિમુખ હોય છે.

શીલા પટેલ......ગાંધીનગર....

---

" પપ્પા"
જ્યારે જ્યારે હું ભટકયો તમે મને રસ્તો બતાવ્યો
પપ્પા
જ્યારે જ્યારે હું અટક્યો તમે મને ચાલતા શીખડાવ્યો
પપ્પા
મહેનત તમે કરી મારી દરેક જીંદ પૂરી કરી પપ્પા
હળવું પાકીટ કરી મારી જરૂરિયાત પૂરી કરી પપ્પા
તમારી આંખોથી જોઈ હું એ આ દુનિયા પપ્પા
આ અજબ દુનિયામાં પગ પર ઉભો તમે કરાવ્યો
પપ્પા
તમારા નામથી જ ઓળખાવ હું પપ્પા
આનાથી વધારે નામના બીજું શું જોઈએ પપ્પા
ટેલર કૃણાલ શાંતિલાલજી
સુરત

---

પિતા
છે જવાબદારીઓ એના શિરે ઘણી-ઘણી,
તોયે મુખે પડે નહી કરચલીઓ એને કદી...
દર્દ સૌ માતાના વર્ણવી શકે,પણ,
પિતાની મમતાને ન કોઈ સમજી શકે...
સારે આંસુઓ એકલ ખૂણા મહી,
રખેને કોઈ જોઈ જાય એને તહી..
દીકરા-દીકરીમાં એ ભેદ ન કરતો,
પણ ક્રૂર નિર્દયી સમાજથી એ ડરતો...
દીકરી તો હોય એનાં હૈયા કેરો
કટકો, ને દીકરો નિભાવે એની જવાબદારીનો
લટકો....
રડે છે ધ્રુસકે-ધ્રુસકે દિકરીને સાસરે વળાવીને,
સમજે નહી ત્યારે કોઈ એની વેદનાની ઘડીને...
પરી કહે, કહે રાજકુમારી, છે તુલસીક્યારો દીકરી,
માતાથી યે વધુ વહાલી છે પિતાને વ્હાલી એ
દીકરી...છે ઘરનો મોભી ને આધાર એક માત્ર
પિતા,
એનાં વિના નિજ સંતાનો પણ કાયમ રખડતાં.

-- ડો.રેખા શાહ

---

[Fathers Day ની ખૂબ શુભેચ્છા સહ,
"કોઈપણ વાક્ય રચનામાં ના આલેખી શકાય તેવું અવ્યાખ્યાયિત પદ એટલે પિતા."
- ડો.નિષાદ ઓઝા "અમન"
શીર્ષક :- પિતા
દર્દોકી કોઈ કમી નહિ થી,
આંખોમેં ફીર ભી
કભી નમી નહિ થી,
સમંદર ભરા થા સપનોકા,
અપને કભી પૂરે કિયે નહિ,
ઓર અપને લિયે જીયે નહિ,
મા કા સાયા બનકે રહે,
ના કભી અપને કેહકહે કહે,
ઉડાન જિંદગીકી ઊંચી ભરાઈ,
ના કભી અપની અહેમિયત દિખાઈ,
સારે ગમ થે આંખ કે કોનેમેં,
જબ મના કરના પડતા થા ખિલોનેમેં,
કામ કરતે રહે મજદૂર કી તરહ,
નહિ જીને દિયા હમેં મજબૂર કી તરહ,
કોઈ લમ્હા એસા નહિ જિસમેં હમેં હસાયા નહિ,
હક અપના ફિર ભી કભી જતાયા નહિ,
ઉસ મિટ્ટિ કો ઢૂંઢ રહા હું,
પોંછ આંખોંકી બુંદ રહા હું,
બરામદેમેં બૈઠા હું, મેં ભી કહાઁ પહેલે જૈસા હું,
વક્તસે ગુજર ગયા હું,
અપને આપમેં ડર ગયા હું,
કહાઁ હો? આઓ ના.. !
જિંદગીકા મતલબ શિખાઓના,
બે મતલબ લગતી હે દુનિયા,
થમ ગયા હે જિંદગીકા પહીયા,
આપકો ખોનેકા અર્થ સમજમેં આ ગયા હે,
એક અજીબસા સન્નાટા છા ગયા હે,
શાનો શૌકત દિખાવો કે છોડ દીયે હે,
ઘૂંટ આપકી યાદોંકે હંમેશા પીયે હે,
ઓર બિલકુલ આપકી તરહ જીતા હું,
કયું કી મેં ભી આજ પિતા હું....!!!
- ડો.નિષાદ ઓઝા "અમન"
કંઠસ્થ લાગે છે આખી ગીતા
જ્યારે 'અમન'બોલું છું હું પિતા.
- ડો. નિષાદ ઓઝા 'અમન'

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્યિક વિભાગનાં વિજેતાઓને
ખૂબ ખૂબ અભિનંદન

www.janfariyadnews.com




# સુરતઃમૂળ નવસારીના વતની એવા સુરતના એક બિઝનેસમેન દ્વારા એવો નિર્ણય લેવાયો છે, જે કોઈ કાચોપોચો માણસ વિચારી પણ ન શકે.

લદ્દાખ ખાતે ચીને જે રીતે નીચતા આચરીને નિઃશસ્ત્ર ભારતીય જવાનો પર હુમલો કર્યો અને વીસ જવાનો શહીદ થયા, એ પછી દેશભરમાંથી ચીન ઉપર ફિટકાર વરસી રહ્યો છે. ચીની માલનો બહિષ્કાર કરવા બાબત દેશના લોકોમાં જાગૃતિ આવી રહી છે. આ બધા વચ્ચે સુરતના એક ઉદ્યોગપતિ પરેશભાઈ રાઠોડે ચીનની જાયન્ટ કંપની અલીબાબા.કોમ (alibaba.com) સાથેનો અગિયાર વર્ષ જૂનો કરાર રદ કર્યો છે. પરેશભાઈની કંપની કાલિકા ઈન્ટરનેશનલ સુરત પાસે આવેલા સચીન એસઈઝેડમાં બ્રેક ફલ્યુડનું પ્રોડક્શન કરે છે. પરેશભાઈનો ધંધો વીસ જેટલા દેશોમાં ફેલાયેલો છે.

સીધી ખબર સાથે વાતચીત દરમિયાન પરેશભાઈએ જણાવ્યું કે જ્યારે અલીબાબાની શરૂઆત હતી, એ સમયથી હું એની સાથે જોડાયેલો. પણ હાલમાં ચીને આપણા સૈનિકોની હત્યા કરીને જે પ્રકારની નીચતા આચરી છે, એના વિરોધમાં મેં ચીની કંપનીનો બહિષ્કાર કરવાનું નકી કર્યું છે. અલીબાબાના પોર્ટલ ઉપર બ્રેક ફલ્યુડના ઉત્પાદક તરીકે મારું નામ સૌથી ટોપ પર હતું અને અલીબાબા.કોમ પર મારો રેન્ક 'ગોલ્ડ સપ્લાયર' તરીકેનો હતો. ગોલ્ડ સપ્લાયરને અલીબાબા તરફથી વર્ષે કરોડો રૂપિયાનો બિઝનેસ મળતો હોય છે. પરંતુ મેં લદ્દાખની ઘટના પછી ગમે એટલું નુકસાન વેઠીને પણ ચીનનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું છે.

આવા છૂટપુટીયા લોકોને કારણે મને નુકસાન જાય તો હું ભારતીય શાનો?!

જ્યારે સીધી ખબર દ્વારા પરેશભાઈને પૂછવામાં આવ્યું કે તમને નુકસાનની ચિંતા નથી? તો આ ભડના દીકરાએ જવાબ વાળતા કહ્યું કે આવા છૂટપુટીયા લોકોને કારણે જતા નુકસાનની જો ચિંતા કરું તો હું ભારતીય શાનો?! સાચો ભારતીય વેપારી આવા બધી ચિંતાથી કદી ડરે નહિ, એ તો બીજે ગમે ત્યાંથી કમાઈ લે! પણ મારા દેશના સૈનિકોના હત્યારા સાથે તો વેપાર નહિ જ!

ચીનની સ્ટ્રેટેજી બહુ જૂની છે. એ લોકો તિબેટ, નેપાળ. ભૂતાન, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ.. આ તમામ પ્રદેશો પર કબજો જમાવવા માંગે છે. કેમકે ચીનને પોતાનો વેપારીમાર્ગ તૈયાર કરીને મહાસત્તા બનવું છે. પણ ભારત ક્યારેય સિક્કિમ કે અરુણાચલમાં ચીનને પેસવા નહિ જ દે.

ઉલટાનું જો આપણે મક્કમ મનોબળ કેળવીને ચીની માલનો બહિષ્કાર કરીશું તો આવનારા માત્ર ચાર-પાંચ વર્ષોમાં ચીનની હાલત સોવિયેત રશિયા જેવી થશે! એ પોતાના ભારથી જ તૂટી પડશે. ચીની પ્રજા ધર્મમાં માનતી નથી. એનો એક જ ધર્મ છે, પૈસો! જો પૈસાનો પ્રવાહ રોકાઈ જશે તો એ લોકો આપોઆપ ગૂંગળાઈ મરશે.

પરેશભાઈએ વધુમાં જણાવ્યું કે હું ચીની પ્રજાનો કે બીજી કંપનીઓનો વિરોધી નથી. પણ એ લોકોની સરકાર મારા દેશના સૈનિકોને મારે એ મને કદાપિ મંજૂર નથી! ચીન આપણે ધારીએ છીએ એટલું મજબૂત નથી જ! જરા વિચારો, આપણા વીસ સૈનિકોની સામે એ લોકોના ચાલીસથી વધુ સૈનિકો મરાયા છે. આપણી સેના પણ ચીનને ટક્કર આપે એટલી મજબૂત છે. પણ આપણે ય આપણી ફરજ નિભાવવી પડશે.

પરેશભાઈને આખરે કેટલું નુકસાન જશે?

સીધી ખબર દ્વારા જ્યારે ફરીફરીને પૂછવામાં આવ્યું કે આવડો ધંધો જતો કર્યા પછી તમારે કેટલું નુકસાન વેઠવું પડશે? ત્યારે આ બિઝનેસમેને જે જવાબ આપ્યો એ વિચારતા કરી મુકે એવો છે. પરેશભાઈ કહે છે, "આપણે શું સાથે લાવ્યા અને શું લઈ જશું?! મર્યા પછી આંગળી પરણી વીંટી પણ લોકો કાઢી લેશે! તો પછી પૈસાના મોહમાં ક્યાં સુધી તણાવું?! જો નસીબમાં હશે તો બીજેથી કમાઈ લઈશું!

નોંધનીય છે કે પરેશભાઈએ કોન્ટ્રાક્ટ રીન્યુ કરવાની ના પાડી એ પછી અલીબાબાના ભારત ખાતેના ટોચના અધિકારીનો ફોન આવ્યો હતો.

અધિકારીએ પરેશભાઈને સલાહ આપી હતી કે શું કામ લાગણીમાં આવીને કરોડોનો બિઝનેસ અને ગોલ્ડ સપ્લાયર તરીકેનું સ્ટેટ્સ જતું કરો છો! ત્યારે પરેશભાઈએ ચોખ્ખી વાત કરતા એ અધિકારીને સંભળાવ્યું કે "મારે માટે મારો દેશ પ્રથમ છે, બીજી વાતો ગૌણ છે! હું ઈચ્છું છું કે ચીનના તંત્રને અને લોકોને મારો આ સંદેશ પહોંચે!"

પરેશભાઈ જેવી જ મક્કમતા ભારતનો દરેક ગ્રાહક અને વ્યવસાયી કેળવે તો ચીન આપોઆપ ઘૂંટણિયે પડી જાય!

# અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસ વધતા યુવાનો દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરાયુ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ એકાએક વધ્યુ છે. ઉત્તર ગુજરાતમાં હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં લોકલ સંક્રમણની દહેશત વચ્ચે સતત કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે જિલ્લામાં નોંધાયેલા ૧૯૩ પોઝીટીવ કેસ પૈકી માત્ર મોડાસા નગરમાં જ કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંક ૮૯ દર્દીઓ સુધી પહોંચ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ દર્દીઓના મોત નિપજ્યા છે મોડાસા શહેરમાં રોકેટ ગતિએ વધતા કોરોનાના સંક્રમણને અટકાવવા તંત્રના ભરોશે બેસી રહેવાના બદલે જાગૃત નાગરિકોએ બજારોમાં માસ્ક પહેરવા અને સોશ્યલ ડિસટન્સ જાળવવા જનજાગૃતિ ફેલાવતા બેનર સાથે રેલી યોજી વેપારીઓ અને ફેરિયાઓને ધંધા રોજગારનો સમય સવારે ૭ થી બપોરે બે વાગ્યા સુધી રાખવા વિનંતિ કરી હતી અને મોડાસામાં કોરોના સંક્રમણ અટકાવવા સ્વયંભૂ બંધ રાખવા અપીલ કરી હતી મોડાસા શહેરમાં કોરોના બેકાબુ બનતા રવિવારે કેમિસ્ટ એસો,હાર્ડવેર , ફર્નિચર, મોબાઈલ, હેર સલુન, રેડીમેડ ક્લોથ, કસ્બા જમાતના વિસ્તારના વેપારીઓએ બપોરે ત્રણ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય જાહેર કર્યો છે બપોરે મોડાસા શહેરમાં વધુ એકવાર સ્વયંભૂ વેપારીઓના બંધ થી લોકડાઉનની અસર જોવા મળી હતી

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી સાતથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે અને સોશિયલ ડિસ્ટન્સ ન જળવાતુ હોઈ અને માસ્ક ન પહેતા હોવાથી કોરોનાનું સંક્રમણ વધ્યુ છે. તંત્ર દ્વારા કોરોના કાબૂમાં હોવાનો દાવો કરવામાં આવે છે પણ કેસો રોકેટ ગતિએ વધી રહ્યો છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સ્મીશન થઈ રહ્યું હોય તેમ સતત કોરોનામાં શહેરીજનો સપડાતા નગરના જાગૃત નાગરિકો દ્વારા શહેરમાં બેનરો સાથે જનજાગૃતિ રેલી યોજી વેપારીઓ અને શાકભાજી, ફ્રૂટ, પાનપાર્લર સહિતના વેપારીઓને સવારે ૭ થી બપોરે ૨ વાગ્યા સુધી ધંધા-રોજગાર ચાલુ રાખવા અપીલ કરી હતી જેમાં ફેરિયાઓએ બપોરે બે વાગ્યા પછી રોડ ન ઉભા રહેવા માસ્ક ફરજીયાત પહેરવા અને ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે અંગે વિનંતી કરી હતી આ જનજાગૃતિ અભિયાનમાં સામાજિક કાર્યકર નીલેશ જોશી,સુરેન્દ્ર શાહ,તરીક બાંડી, અમિત કવિ ,ભગીરથ કુમાવત સહીત જાગૃત નાગરિકો જોડાયા હતા

# મેઘરજમાં ટેકાના ભાવે ઘઉં વેચતા ખેડુતો પાસે થી મજુરી ના નાણાં લેવાતાં હોવાની બુમ

અરવલ્લી બ્યુરો મોડાસા

પ્રાપ્ત માહિતી અનુસાર ,મેઘરજ તાલુકા માં શિયાળુ સિજન માં ઘઉં વેચવા માટે તાલુકા ના ૮૦૦ ઉપર ખેડુતો એ ઓનલાઈન રજિસ્ટેશન કરાવ્યુ હતુ પરંતુ ત્રણ માસ થી ખેડુતો ઘઉ વેચવા માટે રાહજોઈબેઠાછે પરંતુ આજ દીન સુધી માત્ર ૨૦૦ જેટલા ખેડુતોજ ઘઉં ટેકાના ભાવે વેચી શક્યાછે તંત્રની ઢીલી નીતીને લઈને ખેડુતો હેરાન પરેશાન થઈગયાછે ખેડુતો ના જણાવ્યા મુજબ ઘઉની ખરીદી ની શરૂઆત માં પાછળ થી રજિસ્ટેશન થયુહોય તેવા ખેડુતો ને પહેલા બોલાવી તેમનાજ ઘઉ તોલવામાં આવતાહતા અને આગળ ના રજિસ્ટેશન વાળા ખેડુતો ને બારદાન નથી કહી પાછા મોકલી દેવામાં આવ્યાહતા વધુમાં ખેડુતો માં ચાલતી ચર્ચા મુજબ ગોડાઉન ઉપર જે ખેડુત ટેકાના ભાવે ઘઉ વેચવા આવ્યા હોય તેની પાસેથી ઘઉં તોલવાની મજુરી કટ્ટા દીઠ રૂ.બે રૂપિયા પ્રમાણે લેવામાં આવીરહ્યાછે તો જિલ્લા તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી તાલુકાના ખેડુતો ની માંગ ઉઠીછે

# સિદ્ધપુર સિનિયર સિટીઝન સંગઠન દ્વારા રોગપ્રતિકારક શક્તિ માટે ગરમ ઉકાળો આપવાનો પ્રારંભ કરાયો




ધ્રુવ દવે.સિદ્ધપુર.

કોરાનાની મહામારી સામેના યુદ્ધમાં નગરજનોની રોગપ્રતિકારક શક્તિ ક્ષમતા વધે એ માટે સિદ્ધપુર સિનિયર સિટીઝનનાં માનનીય અધ્યક્ષ શ્રી બલવંતસિંહજી રાજપૂત દ્વારા આજરોજ અમૃતપેય ગરમ ઊકાળાનો કાર્યક્રમનો પ્રારંભ આયુર્વેદ હોસ્પિટલ સિદ્ધપુરનાં ડૉ. ચારુબહેન શાહ સહયોગથી કરવામાં આવ્યો.

શ્રી સિદ્ધપુર તાલુકા સિનિયર સિટીઝન સંગઠન, સિદ્ધપુરના ઉપક્રમે કોવિદ-૧૯ સામે રક્ષણાર્થે રોગપ્રતિકારક શક્તિવર્ધક અમૃતપેય કાર્યક્રમમાં પ્રમુખશ્રી વશરામભાઈ પટેલએ અધ્યક્ષ શ્રી બલવંતસિંહજી રાજપૂત વતી ઉદ્ઘાઘાટકશ્રી ડૉ. ચારુબહેન શાહનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું.

નાગરિકો લાભ લઈ કોરાનાથી, નગરને તથા જાતને બચાવવા સહકાર આપી ઉકાળો પીવા આવી રહ્યા છે. પાંચ દિવસ ચાલનારા આ સેવાયજ્ઞને સફળ બનાવવા માટે સિનિયર સિટીઝનનાં શ્રી વશરામભાઈ પટેલ પ્રમુખ, શ્રી ગોવિંદભાઈ દરજી મંત્રી, શ્રી બાબુભાઈ પ્રજાપતિ. ખજાનચી સહિત શ્રી જે.ડી.પટેલ, દામોદભાઈ ચોટલિયા, ધીરુભાઈ મોદી, મગનલાલ પટેલ, ઘનશ્યામભાઈ રાવલ, વી. કે. પટેલ, તથા કનુભાઈ પંચાલ (આયુર્વેદિક હોસ્પિટલ) અશોકભાઈ આચાર્ય સેવા આપી રહ્યા છે.

પોઝ બાય જયોતીન્દ્ર કા ભટ્ટ
સાહિત્ય સર્જન સિદ્ધપુર

## ચંડીસર માં ખેડુતના મકાને નિશાન બનાવતા તસ્કરો.

# ૧૩ તોલા સોનાના દાગીના અને રોકડ મળી ૮.૬૩ લાખ ની ચોરી કરી પલાયન

## લોકડાઉન ખુલતાની સાથે તસ્કરો એ કર્યા તસ્કરી ના શ્રીગણેશ.

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર તાલુકા ના ચંડીસર ખાતે લોકડાઉન ખુલતા ની સાથે તસ્કરો એ તરખાટ મચાવવા નુ શરુ કરી દીધુ છે ચંડીસર ખાતે રહેતા ખેડુત નરેશભાઈ મગનલાલ પ્રજાપતિ શનિવાર સાંજે જમી પરવારી ને ગરમી ના કારણે પરિવાર સાથે ઘર ની ઓસરીમાં સુઈ ગયા હતા ત્યારે કોઈ અજાણ્યા તસ્કરો દ્રારા તેમના મકાન માં, પ્રવેશી ને ઘરમાં પડેલ તીજોરી અને કબાટ તોડી ને અંદર રહેલા ૧૩ તોલા સોનાના દાગીના ૬.૫૦ લાખ ના તથા અઢી કિલો ચાંદી કિ. ૧.૧૧૬૦૦ના દાગીના તેમજ ૧.૦૧૬૦૦રુપીયા ની રોકડ કુલ મળી૮.૬૩૨૦૦ લાખની ચોરી કરી અંધારાનો લાભ લઈ પલાયન થઈ ગયા હતા સવારમાં પરિવાર ઉઠી ને ચોરી થયા હોવાની જાણ થતાં ગઢ પોલીસ ને જાણ કરી હતી જેથી ગઢ પીએસઆઈ એસ.એ.ચૌધરી તાબડતોડ તેમના સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ડોગસ્કવોડ તેમજ એફએસએલ ની ટીમ બોલાવી તપાસ હાથ ધરી છે અને ચોરોનુ પગેળુ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે

# અરવલ્લીની કિશોરીઓમા પોષણની કાળજીનું મહત્વ વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ટી.વી. ચેનલ વંદે ગુજરાત-૧ પર દર સોમવારે બાળકો માટે પ્રિસ્કુલ કાર્યક્રમ તેમજ દર મંગળવારે સગર્ભા, ધાત્રી તથા કિશોરીઓ માટે સેટકોમ રજુ કરવામા આવે છે. આજે તા. ૨૩ જૂન રોજ બપોરે ૨:૦૦ થી ૩:૦૦ કિશોરીઓ માટેનો સેટકોમ કાર્યક્રમ પુર્ણ દિવસની ઉજવણી અંતર્ગત આવનાર છે. જેમા ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓમા પોષણની કાળજીનું મહત્વ વિષય પર માર્ગદર્શન રજુ થનાર હોય તેથી તમામ કિશોરીઓને આ કાર્યક્રમ અવશ્ય નિહાળવા અનુરોધ કરવામા આવ્યો છે. આ કાર્યક્રમ પુર્ણ થયે કિશોરીઓ માટે ક્વિઝ રાખવામા આવેલ છે. જેમા ભાગ લઈ પ્રશ્નોના જવાબ કિશોરીઓ આપે તે જરૂરી છે.

આ કાર્યક્રમનુ જીવંત પ્રસારણ ટી.વી.મા વંદે ગુજરાત ચેનલ-૧, મોબાઈલ જીઓ એપ મારફત વંદે ગુજરાત ચેનલ-૧ તેમજ WCD gujarat ફેસબુક પેજ પર નિહાળી શકાશે. કોઈ કારણોસર જીવંત પ્રસારણ નિહાળી ન શક્યા હોય તેઓ યુ-ટ્યુબ ચેનલ WCD gujarat પર અન્ય કોઈપણ સમયે નિહાળી શકાશે.

## મીડિયામાં અહેવાલ પ્રસારિત થવા છતાં દાંતા તાલુકાના નવાવાસ ગામમાં

# જાહેર રસ્તાઓ પર ગટર ના દૂષિત પાણી ની ગંદકીથી ગ્રામ લોકો ત્રાહિમામ



દાંતા તાલુકાના નવાવાસ ગામ માં મુખ્ય માર્ગો પર જ્યાં દિવસ દરમિયાન લોકો ની અવર જવર વધારે જોવા મળે છે એવા માર્ગો પર ગટર ના દૂષિત પાણી ની નદીઓ વહે છે બે દિવસ પૂર્વે મીડિયા માં આ અહેવાલ પ્રસારિત કરવા માં આવ્યો હતો તે છતાં ગ્રામ પંચાયત ના સરપંચ અને તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી કોરોના ની મહામારી વચ્ચે ગામ માં કોઈ મોટો રોગ ચાળો ફાટી નીકળશે તો એનું જવાબદાર કોણ રહેશે તંત્ર કે ગ્રામ પંચાયત દાંતા તાલુકાના નવાવાસ ગામ માં છેલ્લા ઘણા દિવસ થી જાહેર રસ્તાઓ પર દૂષિત પાણી ઉભરાવવાની સમસ્યા રોજિંદી બની છે ગામ માં વગર વરસાદે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે તાજેતર માં કોરોના મહામારી ને લઈને લોકો પોતાના સ્વાસ્થ્ય ને લઈને ભયભીત છે ત્યારે દાંતા તાલુકાના નવાવાસ ગામ માં છેલ્લા ઘણા સમય થી દૂષિત પાણી ની નદીઓ વહે છે ગામ માં વગર વરસાદે વરસાદ જોવો માહોલ સર્જાયો છે ગામ ના જે મુખ્ય માર્ગો પર દિવસ દરમિયાન લોકો ની અવાર જવર વધારે પ્રમાણ માં જોવા મળે છે ત્યાંજ આખો દિવસ દૂષિત પાણીની નદીઓ વહે છે માર્ગ પરથી પ્રસાર થતા સ્થાનિક લોકો ને આ ગંદા પાણી માં થી પ્રસાર થવા મજબૂર બનવું પડ્યું છે .ગ્રામ ના સરપંચ દ્વારા ગામ ની ભોળી પ્રજા સામે દૂષિત પાણી ના નિકાલ માટે મોટી મોટી વાતો કરવામાં આવે છે પણ સરપંચ દ્વારા આ ગટર ના ગંદા પાણી બંધ થાય ને ગામ ની દૂષિત પાણી ની રોજિંદી સમસ્યા દૂર થાય એવા કોઈ નક્કર પગલાં ભરવામાં આવતા નથી...

ઉલ્લેખનીય છે કે ગામ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જવાના રસ્તા પર ગટર આવેલી છે જે કેટલાય સમય થી સાફ કરવામાં આવી નથી આ ગટર માં નકામો ઘાસ ચારો ને કચરાના ઢગલા જોવા મળે છે.ગ્રામ ના મહિલા સરપંચ કિરણબેન સુથાર આ બાબતે આંખ આડા કરતા સ્થાનિક લોકો માં રોષ ભભૂક્યો છે વહેલી તકે આ ગંદા પાણી ની સમસ્યા નો સરપંચ તથા તલાટી યોગ્ય નિકાલ લાવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# અખિલ ક્ષત્રિય એકતા સમિતિ પ્રદેશ અધ્યક્ષ ગુજરાત નવઘણજી ઠાકોર એ રણશિંગુ ફૂંક્યું

(ધ્રુવ દવે .સિદ્ધપુર)

ગુજરાત સરકાર શ્રી ના કામ થી કોંગ્રેસ જનતા નો વિસ્વાસ ગુમાવી દીધો છે ત્યારે ગુજરાત અખિલ ક્ષત્રિય એકતા સમિતિ ના પ્રદેશ અધ્યક્ષ નવઘણજી ઠાકોર આવનારી ૨૦ ૨૨ ની ચૂંટણી ગુજરાત વિધાનસભાની લઈને તૈયારી આરંભી દીધી છે

જેમાં દરેક નાના નાના સમાજના લોકોને પ્રભુત્વ આપવું અને દરેક સમાજને સાથે લઈને ચાલવા દરેક સમાજના આગેવાનો સાથે મિટિંગનો દોર શરૂ કર્યો છે ત્યારે ગુજરાત વિધાનસભા ચૂંટણીના બે વર્ષ બાકી હોય પણ અત્યારથી આવનારી વિધાનસભા એટલે કે ૨૦૨૨ ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને ગુજરાત સરકાર ની અંદર દરેક સમાજના લોકોને સ્થાન મળશે તેવા આયોજન સાથે દરેક સમાજના આગેવાનોની ડોર ટુ ડોર રૂબરૂ મળી સમગ્ર ગુજરાતમાં એક માળખું તૈયાર કરવામાં આવી રહ્યો છે ત્યારે ગુજરાતમાં કદાચ વિધાનસભામાં નવું પરિણામ લાવવા માટે અત્યારે દરેક સમાજના લોકો સાથે નવઘણ જી ઠાકોર મિટિંગનો દોર શરૂ કર્યો છે

# " આંતરરાષ્ટ્રીય યોગ દિવસની અનોખી ઉજવણી "



જય ભારત સાથે જણાવવાનું કે સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના રીવરફ્રન્ટ વિસ્તારમાં ઈન્ટરનેશનલ યોગ દિવસ ઉજવવામાં આવ્યો. આપણે જાણીએ છીએ કે ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ ના રોજ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુકત રાષ્ટ્ર ના અધિવેશનમા આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ મૂકયો હતો. બાર મહિના નો સૌથી લાંબો દિવસ ૨૧ જૂન હોવાથી પ્રધાનમંત્રીશ્રી એ દિવસને આતરરાષ્ટીય યોગ દિવસ તરીકે મનાવવાનુ સૂચન કયુ હતુ.. આ બાબતે સંયુકત રાષ્ટ્ર દ્વારા ઢરાવ પસાર કરવામા આવ્યો અને દુનિયાના મોટા ભાગના દેશોએ સહમતી દર્શાવી. વર્ષ ૨૦૧૫ થી ૨૧ જુનના દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા માં આવે છે ત્યારે યોગ મનુષ્ય જીવનમાં શારીરિક-માનસિક સ્વાસ્થને જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે જેને અનુલક્ષીને સ્મિત ફાઉન્ડેશનની ટીમ ફેનિલ પટેલ અને વંશ પટની દ્વારા બાળકોને સુર્યનમસ્કાર સાથે વિવિધ પ્રાણાયામ જેવા કે અનુલોમ-વિલોમ પ્રાણાયામ, કપાલભાતી પ્રાણાયામ, અગ્નીસરા પ્રાણાયામ, ચનદ્રંગા અને સુરયંગા ભસ્ત્રિકા પ્રાણાયામ, ઊજજાયી પ્રાણાયામ, સુર્યભેદન પ્રાણાયામ, ભ્રામર પ્રાણાયામ, ત્રીબંધા પ્રાણાયામ, શીતકારી-શીતાલી પ્રાણાયામ નાડીસુધ્ધા પ્રાણાયામ શીખવવા માં આવ્યા હતા, જીત પારેખ, આનંદ પારેખ, ઉમેશ સથવારા, યશ કડિયા, પ્રીન્શી પટેલ, હેતલ કાંસાકર, નીતિન રાજપૂત, ક્રીશ તિવારી અને પરિનયભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## ધરતી પરના પરોપકારી દેવ છે વૃક્ષઃ ગાયત્રી પરિવાર

# વૃક્ષોના જતન માટે ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષ ગંગા અભિયાન



મોટી ઈસરોલ, તા.૨૧

મોડાસા,તા.૨૨ જૂનઃ પર્યાવરણ સંતુલન અને જીવમાત્રને માટે હંમેશાં પોષણ આપતા વૃક્ષોનું જતન ખૂબજ જરૂરી છે.મોડાસા ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારાએ મિડિયાને માહિતી આપતા જણાવ્યું કે આ માટે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર,શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા ×વૃક્ષ ગંગા અભિયાન× ભારતભરમાં ચલાવવામાં આવી રહ્યું છે. મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા પણ વૃક્ષોના વિકાસ અને જતન માટે મોડાસા તેમજ આસપાસના ગામોમાં કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં દરેક વ્યક્તિ વૃક્ષછોડને પોતાના તરુપુત્ર યા તરુમિત્રનો ભાવનાત્મક સંબંધ બાંધી ઉછેર માટે સતત સક્રિય રહેવાના સંકલ્પ સાથે વાવવામાં આવે છે. હવે વર્ષાઋતુ શરુ થઈ રહી છે. ત્યારે મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા મોડાસા તેમજ આસપાસના ૨૪ ગામોમાં થઈ હાલમાં ૫૦૦ વૃક્ષ ઉછેર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં વડ ૩૦, જામફળ ૫૦, લીમડા ૩૦૦, જાંબુ ૫૦ પીપળ ૬૦ , મીઠા લીમડા ૧૦ ના રોપાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો શુભારંભ આજરોજ ગાયત્રી ચેતના કેન્દ્રની સામેની જગ્યામાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ શ્રી સુભાષભાઈ શાહના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં તેઓએ તરુમિત્રના ભાવથી સ્વયં તેની દેખરેખ અને ઉછેર કરવાનો સંકલ્પ કર્યો. વિશેષમાં મોડાસા નાગરિક બેંકના પૂર્વ ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ , અન્નપૂર્ણા ટ્રસ્ટના અગ્રણી શ્રી દિલિપભાઈ પટેલ તથા ગાયત્રી પરિવારના કિરીટભાઈ સોની, ધર્માભાઈ પટેલ, અરવિંદભાઈ કંસારા, રશ્મિકાંત પંડ્યા, શીવુભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગાયત્રી પરિવાર યુવા સંગઠન-ગુજરાતના સહ સંયોજક શ્રી કિરીટભાઈ સોનીએ કહ્યું કે વડોદરા યુથ ગૃપ દ્વારા છેલ્લા ૨૦૦ રવિવારથી દર રવિવારે યુવાનો વૃક્ષારોપણ અભિયાન ચલાવે છે. અમદાવાદમાં નરોડા વિસ્તાર ગાયત્રી પરિવાર યુવા ટીમ દ્વારા પણ દશ હજાર વૃક્ષો ઉછેર થઈ રહ્યો છે.ગુજરાતભરમાં દરેક જીલ્લામાં પણ આ અભિયાન ચલાવવામાં આવે છે. આ આંદોલન મોડાસા સહિત ગુજરાતભરમાં વધુ તીવ્ર ગતિ લાવવા આયોજન કરવામાં આવ્યું છે.

# સિદ્ધપુરના યુવાને મહેસાણાનાં વ્યાજખોર ઈસમોના ત્રાસથી ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો

ધૃવ દવે સિદ્ધપુર

અગાઉ મહેસાણા રહેતા મૂળ સિદ્ધપુરનાં યુવાને વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા ગટગટાવી મોત ને વ્હાલુ કરવાની કોશિષ કરી છે.યુવકને સિદ્ધપુર સિવિલ માં સારવાર અપાયા બાદ ધારપુર ખસેડવામાં આવેલ છે.વ્યાજખોરો દ્વારા અવાર-નવાર રુપિયાની ઉધરાણી કરી સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાથી ઉપરાંત યુવકને જાન થી મારી નાંખવાની તેમજ તેના પરિવાર ઉપર ઘાતકી હૂમલો કરવાની ધમકીથી અપાતી હોવાથી કંટાળી જઈ આ અંતિમ પગલુ ભરી રહ્યો હોવાનુ તેણે સુસાઈટ નોટમાં ઉલ્લેખ કર્યો હોવાનુ જાણવા મળેલ છે.આ અંગે યુવકની પત્ની એ મહેસાણા નાં આ ફાઈનાન્સ અને કોન્ટ્રાકટર નો ધંધો કરતા પાંચ વ્યાજખોર ઈસમોનાં ત્રાસથી કંટાળી જઈ ગુમસુદા થયેલા પોતાના પતિ કોઈ અજુગતુ પગલુ ભરે તો તે માટે આ તમામ લોકોને જવાબદાર ગણી તેઓની સામે સિદ્ધપુર પોલીસ મથકે લેખિત રજૂઆત કરી ધોરણસરની ફરિયાદ નોંધવા અરજી કરી છે.જેની તપાસ સિદ્ધપુર પોસઈ એમ.એમ.માળી ચલાવી રહ્યા છે.

મહેસાણાના અરવિંદ ભાઈ દેસાઈ,જયેશભાઈ દેસાઈ (બન્ને ભાઈ),ગૌરાગ ભાઈ હસમુખભાઈ પટેલ, જયરામભાઈ રાવલ, રોહિતભાઈ જાની,તમામ લોકો ફાઈનાન્સનો ધંધો કરે છે તેઓએ ૨૦ થી ૨૫ જેટલાં ઉંચા વ્યાજે મોટી રકમ બ્રિજેશભાઈ જોશી આપી હતી અને તેની અવેજમાં દસ્તાવેજો લઈ જાસા ધમકીઓ આપતા હોવાથી ભય અને અપાતી માનસિક યાતનાઓથી કંટાળી જઈ બ્રિજેશભાઈ ગત ૫મી એ પોતાની સફેદ સ્વિફ્ટ કાર લઈ કોઈને પણ કહ્યા કર્યા વગર સિદ્ધપુર પોતાના ઘરે થી નીકળી ગયા હતા.આથી તેમની પત્નિ જીજ્ઞાબેને અને પરિવારજનો એ તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ ના મળતાં ગત ૮મી એ પોલીસને સઘળી વિગતો સાથે લેખિત રજૂઆત કરી હતી.આ દરમિયાન ગત ૨૦મી ની બપોરે સિદ્ધપુર સિવિલ પાસે બ્રિજેશભાઈ ઝેરી દવા પી લેતા તેઓને સત્વરે સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.ત્યા તેમની હાલત ગંભીર હોવાથી તેઓને વધુ સારવાર અર્થે તાબડતોડ ધારપુર મેડીકલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.બ્રિજેશભાઈ અને તેમની પત્નિ અને બે બાળકો છેલ્લા ૧૫ વર્ષથી મહેસાણા ખાતે સ્થાયી થયા હતા.જયાં બ્રિજેશ જોશી ખાનગી કંપની માં ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરતા હતા ત્યારે આ પાંચ વ્યાજખોરો નાં સંપર્ક માં આવતા અને બાદ માં ઈલેકટ્રીક માલસામાન નો હોલસેલ ધંધો કરવા આ ઈસમો પાસેથી હાથ ઉછીનાં રૂપિયા લીધા હતા. જેના અવેજ માં આ લોકોએ ચેક,દસ્તાવેજ અને પ્રોમિસરીનોટ અને લખાણ લખાવેલ હોઈ અવાર-નવાર બ્રિજેશભાઈનાં મોબાઈલ ઉપર ફોન કરી પઠાણી ઉઘરાણી કરતા હોવાથી કંટાળી તેઓ મહેસાણા થી સિદ્ધપુર રહેવા આવી ગયા હતા.

આમ છતાય આ લોકોની રૂપિયા અને વ્યાજની પઠાણી ચાલુ રહેતા કંટાળી જતા આ યુવકને ઘર-પરિવારથી દૂર રહી પંદર દિવસ યાતનાઓ વેઠી નાછૂટકે ઝેરી દવા પી જીવન ટૂંકવવાનું પગલું ભરવા મજબૂર બનવુ પડ્યુ છે.આ યુવકે જીવનયાત્રા સંકેલવા ભરેલા અંતિમ પગલાં પહેલા લખેલી વિસ્તૃત લખેલી સ્યુસાઈટ નોટમાં આ પાંચ વ્યાજખોર ઈસમો ઉપરાંત અન્ય ચાર વ્યાજખોરો પાસે થી લીધેલા ઉછીના રૂપિયાના અવેજમાં કોને કેટલુ અધધ કહેવાય તેટલુ વ્યાજ ચુકવ્યુ છે અને કેટલી રકમ કોને-કોને પરત કરી હોવાની સાથોસાથ કેટલી યાતના ઓમાં આ યુવકને તેમજ તેના પરિવારને પસાર થવુ પડ્યુ છે તેનો હ્રદયદ્રાવક ચિતાર વર્ણવાયો છે. વ્યાજખોરોના ત્રાસથી પોતાના પતિ કોઈ અજુગતુ પગલુ ભરે તો તે માટે આ તમામ વ્યાજખોર ઈસમોને જવાબદાર ગણી તેમની સામે કાયદાકીય કડક પગલા લેવા આ અરજીમાં રજૂઆત કરી ધોરણસરની ફરિયાદ દાખલ કરવા જણાવાયુ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.